


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 98 | AD - 2025, Paush Sud- 11 | Friday, Dt.10-01-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00






## તિરુપતિમાં ભાગદોડ મચી જતાં સાત શ્રદ્ધાળુઓના મોત થયા, ૪૦ લોકો ઘાયલ



(એચ.એસ.એલ),તિરુપતિ,તા.૯

આંધ્રપ્રદેશના તિરુપતિમાં ભાગદોડમાં સાત શ્રદ્ધાળુઓના મોત થયા છે જ્યારે ૪૦ લોકો ઘાયલ થયા છે. આમાંથી ૪ લોકોની હાલત ગંભીર છે. ઘાયલોને તિરુપતિ શહેરની બે હોસ્પિટલો - રુઈયા હોસ્પિટલ અને એસવીઆઈએમએસ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. જે સમયે આ ભાગદોડ થઈ, તે સમયે તિરુપતિના વિષ્ણુ નિવાસમ પાસે ટોકન મેળવવા માટે લગભગ ૪ હજાર લોકોની ભીડ એકઠી થઈ હતી. મળતી માહિતી મુજબ, તિરુમાલાના ભગવાન વેંકટેશ્વર સ્વામી મંદિરમાં થયેલી ભાગદોડમાં સાત ભક્તોના મોત થયા છે અને ઘણા લોકો ઘાયલ થયા છે. વૈકુંઠ દ્વાર દર્શનમની ટિકિટ મેળવવા માટે સેંકડો લોકો દોડધામ કરી રહ્યા હતા ત્યારે નાસભાગ મચી ગઈ હતી. ૧૦ જાન્યુઆરીથી શરૂ થઈ રહેલા ૧૦ દિવસીય વૈકુંઠ દ્વાર દર્શન માટે દેશભરમાંથી સેંકડો ભક્તો અહીં આવ્યા છે. આ દરમિયાન, પોલીસનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે જેમાં કેટલીક મહિલા શ્રદ્ધાળુઓને સીપીઆર આપવામાં આવી રહ્યો છે અને ઘાયલોને એમ્બ્યુલન્સમાં લઈ જવામાં આવી રહ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ તિરુપતિમાં થયેલી ભાગદોડની ઘટનામાં સાત શ્રદ્ધાળુઓના મોત પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. આ અકસ્માત ત્યારે થયો જ્યારે બૈરાગી પટ્ટીડા પાર્કમાં શ્રદ્ધાળુઓને કતારમાં ઉભા રહેવાની મંજૂરી આપવામાં આવી હતી.

## વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે મોટાભાગના રાજ્યોમાં વરસાદ પડે તેવી સંભાવના

નવીદિલ્હી,તા.૯



આ દિવસોમાં દિલ્હી-એનસીઆરમાં ઠંડીનો પ્રકોપ ચાલુ છે. હવામાન વિભાગે સપ્તાહના અંતે વરસાદની આગાહી કરી છે, જેના કારણે શીત લહેરની તીવ્રતામાં વધારો થઈ શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે આગામી દિવસોમાં મોટાભાગના રાજ્યોમાં વરસાદ પડશે, જેના કારણે તાપમાનમાં ઘટાડો નોંધાઈ શકે છે. આઈએમડી અનુસાર, હાલ દિલ્હીમાં મહત્તમ તાપમાન ૨૦ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૬ ડિગ્રી સેલ્સિયસ રહેવાની ધારણા છે. આ ઉપરાંત, ધુમ્મસ અને શીત લહેરની સ્થિતિને ધ્યાનમાં રાખીને વિભાગે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૧૧ અને ૧૨ જાન્યુઆરીના રોજ સપ્તાહના અંતે રાજધાની દિલ્હીમાં વરસાદની શક્યતા છે. તે જ સમયે, ૮ જાન્યુઆરીએ, દિલ્હી-એનસીઆરમાં એક અઠવાડિયાથી વધુ સમય પછી સૂર્ય નીકળ્યો, જેના કારણે લોકોને ઠંડીથી થોડી રાહત મળી હતી. જોકે, રાત્રિ દરમિયાન ધુમ્મસ અને ઠંડીનું મોજું ચાલુ રહ્યું હતું.

આગાહી મુજબ ગાઢ ધુમ્મસ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. મોટાભાગના સ્થળોએ ગાઢ ધુમ્મસ હોઈ શકે છે, પરંતુ ત્યારબાદ દિવસ દરમિયાન તડકો રહેશે. ધુમ્મસ માટે યલો એલર્ટ છે. ૧૧ અને ૧૨ જાન્યુઆરીએ વાદળછાયું વાતાવરણ રહેશે. હળવો વરસાદ અને ઝરમર વરસાદ પડી શકે છે.



















# વીજપડી ગામે બસની અનિયમિતતાને લઈ વિદ્યાર્થીઓએ કર્યો ચક્કાજામ

અમરેલી, તા.૦૯



અમરેલી જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી ગ્રામ્ય વિસ્તારોમાં એસ.ટી.બસની અનિયમિતતાને કારણે વિદ્યાર્થીઓનાં અભ્યાસ પર ગંભીર અસર પડી રહી છે. બસ સમયસર ન આવતી હોવાથી વિદ્યાર્થીઓ શાળાએ સમયસર પહોંચી શકતા નથી. આ બાબતે એસ.ટી.નાં જવાબદાર અધિકારીઓને અનેકવાર રજૂઆત કરવા છતાં અધિકારીઓનાં પેટનું પાણી હલતું નથી. સાવરકુંડલા તાલુકાનાં વીજપડી ગામે છેલ્લા ઘણા સમયથી બસની અનિયમિતતાને લઈ વિદ્યાર્થીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જેમાં ખાસ કરીને મઢડા, લુવારા, ગોરડકા, દેડકડી, રામગઢ સહિતનાં ગામોનાં વિદ્યાર્થીઓ બસની અનિયમિતતાને લઈ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ત્યારે વિદ્યાર્થીઓનો સંયમ ચરમસીમાએ પહોંચતા એસ.ટી.નાં અધિકારીઓની આંખ ખોલવા વિદ્યાર્થીઓએ વીજપડી બસસ્ટેન્ડ ખાતે રસ્તા રોકી ચક્કાજામ કર્યો હતો.

# જિલ્લામાં તા. ૨૧ જાન્યુઆરી સુધી સભા સરઘસ અને હથિયારબંધી

અમરેલી તા.૦૯

જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહ-શાંતિ જળવાઈ રહે તે હેતુથી અમરેલી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે, આ જાહેરનામું તા.૨૧ જાન્યુઆરી, ૨૦૨૫ સુધી અમલી રહેશે. જિલ્લામાં શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ કે ઈજા પહોંચાડવામાં ઉપયોગી હોય તેવી ચીજવસ્તુ, નીતિનો ભંગ થતો હોય તેવા કે રાજયની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણ આપવા કે ચાળા પાડવા, નકલ કરવી, ચિત્રો, નિશાનીઓ દેખાડવા કે ફેલાવવા નહિ. કોઈપણ સ્ફોટક પદાર્થો લઈ જવા સહિતની બાબતો પ્રતિબંધિત રહેશે. આ ઉપરાંત વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની, લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની મનાઈ છે. સભા-સરઘસ હથિયારબંધી રહેશે. જિલ્લામાં સંબંધિત સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી કે પરવાનગી સિવાય કોઈ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની તેમજ સંબંધિત તાલુકા એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી-પરવાનગી સિવાય લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ છે.

# ખાંભાના તાતણીયા ગામે શેઢો ખોદવા મુદ્દે ગાળો આપી

ખાંભા, તા.૦૯

ખાંભાના તાતણીયા ગામે રહેતા રામજીભાઈ અરજણભાઈ ટાપણીયા (ઉ.વ.૬૪)એ વિપુલભાઈ દુર્લભભાઈ હડીયા, શામળાભાઈ દુર્લભભાઈ હડીયા, રવજીભાઈ મનજીભાઈ ટાપણીયા, શંભુભાઈ રવજીભાઈ ટાપણીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ધાવડીયા ગામે પાતળા રોડે તળાવ વાળા ઢોરા તરીકે ઓળખાતા વિસ્તારમાં વડીલોપાર્જીત મળેલ જમીન ખેતરે ગયા હતા ત્યારે ખેતરની બાજુમાં આવેલી જમીનમાં શેઢો ખોદતા હતા. જેથી તેમને અટકાવતા જેમ ફાવે તેમ ગાળો આપી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી.આર. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરા તાલુકામાં યોજાયેલ ખેલ મહાકુંભ ખો-ખોની સ્પર્ધામાં નાલંદા વિદ્યાલય અગ્રેસર

બગસરા, તા.૦૯




તા.૭/૦૧/૨૦૨૫નાં રોજ બગસરા તાલુકા કક્ષાની ખેલ મહાકુંભ ખો-ખોની ટુર્નામેન્ટ સ્પર્ધા નાલંદા વિદ્યાલયના ગ્રાઉન્ડમાં યોજાયેલ હતી. જેમાં બગસરા તાલુકાની જુદી શાળાઓએ ભાગ લીધો હતો. નાલંદા વિદ્યાલયની ચાર ટીમોમાં અંડર-૧૪ પ્રથમ વિજેતા ભાઈઓ અને દ્વિતીય વિજેતા બહેનો, અંડર-૧૭માં પ્રથમ વિજેતા ભાઈ તથા બહેનો રહ્યા હતા. આ કાર્યક્રમનાં ઉદ્‌ઘાટન પ્રસંગે અમરેલી જિલ્લા રમતગમત વિકાસ અધિકારી પુનમબેન ફુમકીયા, પી.એ.ભીંડી, સાદરાણી, આચાર્ય જેઠવા, મહિડા, કાપડીયા, અશોકભાઈ ઢોલરીયા, જયેશભાઈ ખાસોદરીયા, આચાર્ય સોનલબેન સાંગાણી ઉપસ્થિત રહ્યાં હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દેવાંગીબેન ભટ્ટ તેમજ હિંમતભાઈ બોરીચાએ કર્યું હતું. ટીમ વિજેતા થવા બદલ પી.ટી. શિક્ષક રાજુભાઈ ભુવા, ટ્રસ્ટી અને અચાર્યએ અભિનંદન પાઠવ્યા હતા.

# સાવરકુંડલામાં સંતશ્રી આપાલાખાની જગ્યામાં બટુકભોજન અને સંતવાણીનો કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા તા. ૯



સાવરકુંડલા ખાતે આવેલ સંત શિરોમણી શ્રી આપાલાખાની જગ્યામાં ઉત્સાહભેર બટુક ભોજન કરાવવામાં આવ્યું હતું. આ પરંપરા સંત શ્રી આપાલાખાના સમયથી ચાલી આવે છે. દર સાતમે આયોજન કરવામાં આવે છે. રાત્રે સંતવાણીનું આયોજન કરવામાં આવ્યું હતું એમ મહંત નાનજીભગતની એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# રાજુલામાં બીએપીએસ મંદિર ખાતે સ્કેટિંગ સ્પર્ધા યોજાઈ

રાજુલા, તા.૦૯



રાજુલા શહેરમાં એવરેસ્ટ સ્પોર્ટ્સ એન્ડ એજયુકેશનનાં નેજા હેઠળ બીએપીએસ મંદિરમાં સ્કેટિંગ અને કરાટે સ્પર્ધા યોજાઈ હતી. જેમા વિવિધ શાળાનાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં રેફરી તરીકે પ્રણવભાઈ, દિનેશભાઈ, સુમિતભાઈ, શુભમભાઈ રાઠોડ, ઉમેશભાઈ બારૈયા હતા. ઉદ્‌ઘાટન પ્રસંગે સાગરભાઈ સરવૈયા, ડો.હિતેષભાઈ હડીયા, કનુભાઈ વરૂ-વિહિપ, યુવરાજભાઈ ચાંદુ, ગૌરાંગ મહેતા, સંદીપભાઈ જોશી, ડો. જીતેશ મુછડીયા, દિનેશ સરવૈયા, કલ્પેશભાઈ, મનીષ વાઘેલા સહિતનાં લોકો હાજર રહ્યા હતા. ઘનશ્યામભાઈ મશરૂ, ચિંતન જોશી, જે.ડી. ધાખડા, હરેશ ગોહિલ, સાગર વાળા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# હીરાવા પાસે રોઝડું આડું પડતાં ફોરવ્હીલ ખાળીયામાં ઉતરી

**અચાનક રોઝડું આડું પડતા ડ્રાઈવરે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવ્યો**

ધારી, તા.૦૯

ગ્રામ્ય વિસ્તારોમાંથી પસાર થતી વખતે રોઝ, કૂતરા, ભૂંડ ક્યારેક અકસ્માતનું કારણ બને છે. ધ્રુવિલભાઈ ભરતભાઈ રાખોલીયા (ઉ.વ.૨૭) તથા અવિંદભાઈ બાવચંદભાઈ રાખોલીયા ફોર વ્હીલ લઈને હીરાવા ગામ નજીકથી પસાર થતાં હતા ત્યારે અચાનક રોઝડું આડું પડતાં સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવી દીધો હતો. જેને લઈ કાર ખાળીયામાં ગોથું ખાઈ ગઈ હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. એચ.વાઘ વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભા પોલીસે શાળાનાં બાળકોને ચાઈનીઝ દોરીથી થતાં નુકસાન અંગે સમજણ આપી

ખાંભા, તા.૦૯



મકરસંક્રાંતિના તહેવાર ઉપર પતંગ રસિયાઓ મોટા પ્રમાણમાં ચાઈનીઝ દોરીઓ અને તુક્કલનો ઉપયોગ કરતા હોય છે. જેનાં કારણે પક્ષીઓ અને માણસનાં જીવ જવાની ઘટના બને છે. ચાઈનીઝ દોરી અને તુક્કલનું વેંચાણ અને ઉપયોગ કરવો સજાપાત્ર ગુનો બને છે. આ અંગેની સમજ ખાંભા પોલીસ સ્ટેશન તેમજ ડેડાણ આઉટપોસ્ટ વિસ્તારમાં ખાંભા પોલીસ સ્ટાફ દ્વારા શાળાના બાળકો અને લોકોને આપવામાં આવી હતી. ડેડાણ પ્રાથમિક શાળાનાં બાળકોને ચાઈનીઝ દોરીનાં કારણે પક્ષીઓ અને માણસને થતાં નુકસાન અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.

# આજે જિલ્લા કલેકટરના હસ્તે લાઠી ખાતે નવી સબ રજિસ્ટ્રાર કચેરીનું ઉદ્‌ઘાટન

**કચેરીના પરિસરમાં વૃક્ષારોપણ થશે**



અમરેલી તા.૦૯

અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાના હસ્તે તા.૧૦ જાન્યુઆરી,૨૦૨૫ને શુક્રવારના રોજ લાઠી ખાતે નવી સબ રજિસ્ટ્રાર કચેરીનું ઉદ્‌ઘાટન થશે. લાઠી પ્રાંત કચેરીની બાજુમાં નવી સબ રજિસ્ટ્રાર કચેરી બપોરના ૧૨ કલાકે જિલ્લા કલેકટર ખુલ્લી મુકશે. આ સાથે કચેરીના પરિસરમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવશે, તેમ અમરેલી નોંધણી નિરીક્ષકે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# જાપોદર પાસે ટ્રક અકસ્માતનાં કારણે વીજ પુરવઠો ખોરવાયો

**સિમેન્ટ ભરેલ ટ્રક રાતના સમયે પલ્ટી ખાઈ ગયો**

રાજુલા, તા.૦૯



રાજુલા-સાવરકુંડલા હાઈવે પર જાપોદર ગામ નજીક રાત્રીનાં સમયે સિમેન્ટ ભરેલો ટ્રક પલ્ટી ખાઈ જતાં ઝાડ સાથે અથડાયો હતો જેનાં કારણે ઝાડ વીજળીનાં તાર પર પડયું હતું. જેનાં કારણે વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. સિમેન્ટ ભરેલો ટ્રક રાજકોટ જઈ રહ્યો હતો ત્યારે જાપોદર ગામ નજીક ડ્રાઈવરે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવતા અકસ્માત થયો હતો. અકસ્માતમાં કોઈ જાનહાનિ થવા પામેલ નથી. આ ઘટનાની જાણ વીજ કચેરીને કરાતા પીજીવીસીએલ દ્વારા તાત્કાલિક રિપેરીંગ કામ હાથ ધરાતા વીજ પુરવઠો પૂર્વરત થયો હતો.

# અમરેલીમાં આજે ટ્રાન્સપોર્ટ વાહનોના ડ્રાઈવર્સ માટે હેલ્થ ચેકઅપનું આયોજન

અમરેલી તા.૦૯

અમરેલી વાહન વ્યવહાર કચેરી દ્વારા તા.૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ દરમિયાન રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ - નેશનલ રોડ સેફ્ટી મન્થ-૨૦૨૫ ની ઉજવણીનું આયોજન છે. આ કાર્યક્રમ અન્વયે તમામ ટ્રાન્સપોર્ટ વાહનોના ડ્રાઈવર્સ માટે આંખ, કાન, શુગર, બ્લડ પ્રેશર જેવી બીમારીઓના નિદાન માટે હેલ્થ ચેકઅપ કાર્યક્રમ યોજાશે. આજરોજ સવારે ૯ થી બપોરે ૧૨ વાગ્યા સુધી અમરેલી સ્થિત લાઠી બાયપાસ રોડ પરની ચોકડી ખાતે આવેલા અમર ટ્રેકટર ખાતે યોજવામાં આવનાર આ હેલ્થ ચેકઅપ કેમ્પમાં અમરેલી જિલ્લાની મોટરીંગ પબ્લિકને તેનો લાભ લેવા અમરેલી જિલ્લા સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?




મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

**ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના પ્રયાસોથી માર્ગ અને મકાન વિભાગે મંજૂરી આપી**

# લાઠીને નવો હાઈલેવલ બ્રિજ મળશે : ૧૫ કરોડના ખર્ચે ગાગડીયો નદી પર નવું નિર્માણ

લાઠી, તા.૦૯

લાઠી શહેરની વર્ષો જૂની સમસ્યાનો અંત આવી રહ્યો છે. ગાગડીયો નદી પર આવેલો જર્જરિત બ્રિજ હવે નવેસરથી બનશે. લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના પ્રયાસોથી રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગે ૧૫ કરોડની ગ્રાન્ટ મંજૂર કરી છે. અગાઉ આ સ્થળે આવેલો પુલ ભારે વરસાદ અને પૂરને કારણે ધોવાઈ ગયો હતો. આ પુલ લાઠીથી અમરેલી જવાના શોર્ટકટ માર્ગ પર આવેલો છે અને હિન્દુ-મુસ્લિમ સમાજના ધાર્મિક સ્થળો સુધી પહોંચવાનો મુખ્ય રસ્તો પણ છે.



પુલના ધોવાણને કારણે સ્થાનિક રહીશોને લાંબો રસ્તો કાપવો પડતો હતો. નવા હાઈલેવલ બ્રિજના નિર્માણથી લાઠી શહેરની જનતાને રાહત મળશે. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે તેઓ લાઠી-બાબરાની જનતાની નાનામાં નાની સમસ્યા દૂર કરવા સતત પ્રયત્નશીલ છે.

# બગસરા પાલિકાના કર્મચારીઓ પાંચ મહિનાથી પગાર વિહોણા

બગસરા, તા.૦૯

બગસરા નગરપાલિકાના ૧૩ કર્મચારીઓ છેલ્લા પાંચ મહિનાથી પગાર વગર ફરજ બજાવી રહ્યા છે. કર્મચારીઓને પગાર ન મળતા તેમની આર્થિક સ્થિતિ કફોડી બની ગઈ છે અને રોજિંદા ખર્ચ માટે પણ તેમને વેપારીઓ પાસેથી ઉધાર લેવામાં મુશ્કેલી પડી રહી છે. પાલિકાના કર્મચારીઓમાં પગારધોરણની પણ વિસંગતતા જોવા મળી રહી છે. ૧૩ કર્મચારીઓમાંથી ત્રણ કર્મચારીઓને છઠ્ઠા પગારપંચ, ત્રણને સાતમા પગારપંચ અને સાત કર્મચારીઓને પાંચમા પગારપંચ મુજબ પગાર ચૂકવવામાં આવે છે. આ અસમાનતાને કારણે કર્મચારીઓમાં અસંતોષ પ્રવર્તી રહ્યો છે. વધતી મોંઘવારી અને પગાર ન મળવાને કારણે કર્મચારીઓની સ્થિતિ દયનીય બની છે. દૈનિક જરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદવા માટે પણ વેપારીઓ હવે ઉધાર આપવાનો ઈનકાર કરી રહ્યા છે. આ મુદ્દે પાલિકા પ્રમુખ પ્રતિનિધિ એ.વી. રીબડિયાએ જણાવ્યું હતું કે પાલિકાએ મૂકેલી લોન મંજૂર થઈ ગઈ છે અને ટૂંક સમયમાં ગ્રાન્ટ પણ મળવાની છે. તેમણે આશ્વાસન આપ્યું કે થોડા દિવસોમાં તમામ કર્મચારીઓના બાકી પગારની એકસાથે ચૂકવણી કરવામાં આવશે.




# રાજુલામાં ડીંગડોંગ ઈલેવન દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

રાજુલા, તા.૦૯

રાજુલા શહેરમાં વાલ્મીકિ સમાજ-ડીંગડોંગ ઈલેવન ટીમ દ્વારા દર વર્ષે ક્રિકેટ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. આ વખતે કુલ ૧૬ ટીમે ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો. જેમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનારને રૂ. ૫૧,૦૦૦ નું ઈનામ આપવામાં આવે છે. મેન ઓફ ધ મેચ સિરીઝનું ઈનામ ગૌતમ ચૌહાણ જે ડીંગડોંગ ટીમનો ખેલાડી હતો. તેમજ રનરઅપ ડીંગડોંગ ટીમને રૂ. ૨૧ હજાર ઈનામ મળેલ છે. આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં વેરાવળ, પાટણ, અમરેલી, કુંડલા જેવા વિવિધ શહેરોમાંથી ટીમો આવેલી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે અમિતભાઈ બાબરીયા, અક્ષયભાઈ ધાખડા, રાજુભાઈ જાખરા, મહેન્દ્રભાઈ ધાખડા, વનરાજભાઈ વરુ, અજયભાઈ ગોહિલ વગેરે વેપારી અગ્રણીઓ હાજર રહ્યા હતા.



તસવીર : ગોપાલ રાઠોડ

# સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડમાં ટ્રક ખાલી કરવા મુદ્દે માથાકૂટ થઈ

સાવરકુંડલા, તા.૦૯

સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડમાં ટ્રક ખાલી કરવા મુદ્દે માથાકૂટ થતાં મામલો પોલીસ મથક સુધી પહોંચ્યો હતો. બનાવ અંગે નમિરાબેન શબ્બિરભાઈ જાદવ (ઉ.વ.૨૫)એ રૂસ્તમભાઈ બાબુભાઈ કાજી, શાહરૂખભાઈ પઠાણ, અરમાનભાઈ બેલીમ, શબ્બિરભાઈ બેલીમ, આસીફભાઈ ચૌહાણ તથા અજાણ્યા ઈસમો સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના જેઠ શીરજભાઈને સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડ ખાતે અરમાનભાઈ બેલીમ સાથે ટ્રક ખાલી કરવા બાબતે બોલાચાલી થઈ હતી. જે બાબતે સમાધાન થઈ ગયું હતું, તે વાતનું મનદુ:ખ રાખીને લોખંડનો પાઈપ, હાથમાં છરી લઈને જેવા હથિયારો લઈને આરોપીઓ લોખંડનો ડેલો તોડીને અંદર આવ્યા હતા. ફળીયામાં તથા ઘરની અંદર તોડફોડ કરી આશરે રૂ.૨૦,૦૦૦ નુકસાન કર્યું હતું અને પીઠના ભાગે ધોકો મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# વડીયા ખાતે દીપશાળા પ્રોજેકટ અંતર્ગત વાલી મિટિંગ અને ટેબલેટ વિતરણ કાર્યક્રમ યોજાયો

વડિયા, તા.૦૯

અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાની મોંઘીબા પ્રાથમિક શાળા વડીયામાં સંવિદ વેન્ચરના સહયોગથી દીપશાળા પ્રોજેક્ટ ચાલી રહ્યો છે. આ પ્રોજેકટના દાતા ભરતભાઈ દેસાઈ દ્વારા વડીયા મુકામે મોંઘીબા પ્રાથમિક શાળામાં ધોરણ સાતના ૩૯ વિદ્યાર્થીઓ અને ધોરણ આઠના નવા ૫ વિદ્યાર્થીઓને એમ કુલ ૪૪ વિદ્યાર્થીઓને ટેબલેટ આપવામાં આવ્યા હતા. ટેબલેટ વિતરણ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત શાસક પક્ષના નેતા વિપુલભાઈ રાંક અને તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમરના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાનાં આચાર્ય લાલજીભાઈ સિંધલ અને સર્વે શાળા પરિવારે દાતા ભરતભાઈ દેસાઈનો આભાર વ્યક્ત કર્યો હતો.



ફુલ ટાઈમ માટે ઓફિસ વર્ક માટે
લેડીઝની જરૂર છે.
વર્ક : ફાઈલિંગ તેમજ પરચુરણ વર્ક તેમજ કોમ્પ્યુટર ડેટા વર્ક
(કોમ્પ્યુટર અને અંગ્રેજીનું સામાન્ય જ્ઞાન હોવું જરૂરી)
લાયકાત : ધો. ૧૦ પાસ કે તેનાથી વધારે
રિઝ્યુમ સાથે સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ દરમિયાન રૂબરૂ મળો...
શ્રી સારથી નાગરિક શરાફી સહકારી મંડળી લી. અમરેલી.
દુ.નં.૧૦૬,૧૦૭, પહેલો માળ, હીરકબાગ શોપિંગ સેન્ટર, ભીડભંજન ચોક, અમરેલી. Mo. 99095 23338 | 98790 23338

## અવસાન નોંધ

**કોડીનાર**

સ્વ.અમૃતલાલ મોહનલાલ સાગર (ઉ.વ.૮૫)નું તા.૦૮/૦૧/૨૦૨૫ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે સ્વ.કેશુભાઈ, સ્વ.નંદાભાઈ, સ્વ.નાનુભાઈ, સ્વ.રસિકભાઈ તથા સ્વ.કમળાબેન, સ્વ.મધુબેન, સ્વ.હસુમતીબેનના ભાઈ તેમજ જીગ્નેશભાઈ, સંજયભાઈ, સ્વ.નયનાબેન, આરતીબેન અનીલકુમાર ધાનક, જયોતિબેન નિલેષકુમાર જીકરીયાના પિતા તેમજ સ્વ.વજુભાઈ ધકાણ, સ્વ.પ્રભુદાસભાઈ, સ્વ.જેન્તીભાઈ, સ્વ. ચીમનભાઈ તથા કાંતિભાઈના બનેવી અને રાજભાઈ અને હેમાલીબેન સાગરના દાદા થાય છે.

**સાવરકુંડલા**

સ્વ.ડો. પ્રકાશભાઈ કાંતિલાલ મહેતા (ઉ.વ.૬૯)નું તા.૦૮/૦૧/૨૦૨૫ને બુધવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે હંસાબેન મહેતાના પતિ, દિપકભાઈ મહેતાના મોટાભાઈ, પલ્લવીબેન મહેતાના જેઠ, વિશાલભાઈ-રાજદીપભાઈ-રિદ્ધિબેનના પિતાશ્રી થાય છે. તેમનું સદગતનું બેસણુ તા.૧૦/૦૧/૨૦૨૫ને શુક્રવારના રોજ સવારે ૯:૦૦ કલાકથી સાંજના ૫:૦૦ સુધી અમારા નિવાસસ્થાન ગામ-મોટા ભમોદરા, તા.સાવરકુંડલા મુકામે રાખેલ છે.









**-// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી નં. /૨૦૨૪

**પ્રતિ,**
શ્રી અભેસિંહભાઈ કેસરભાઈ ઝાલા
રહે. કાજ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, કાજ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાનાં કોડીનાર તાલુકાના કાજ ગામના રહીશ શ્રી ભગવાનભાઈ અરસીભાઈ ઝાલા તથા શ્રી વાસુબેન ભગવાનભાઈ ઝાલાના પુત્ર શ્રી હરિસિંહ ભગવાનભાઈ ઝાલા નો જન્મ તા.૦૧/૦૫/૧૯૭૪ માં કોડીનાર તાલુકાના કાજ ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના કાજ ગામના સને ૧૯૭૪ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો, હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૩/૦૧/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૦૯/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર





નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ આર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# જિલ્લામાં ઉત્તરાયણ પર્વને ઉજવવાનો પતંગરસિકોમાં થનગનાટ

**આ વર્ષે કાચી દોરીમાં ૧૫થી ૨૦%નો વધારો, છતાં પતંગરસિકોમાં અનેરો ઉત્સાહ**

અમરેલી,તા.૦૯

ઉત્તરાયણનું પર્વ ગુજરાતીઓ માટે મહાપર્વ છે. ઉત્તરાયણ પર્વને ગણતરીના દિવસો બાકી છે ત્યારે પતંગરસિયાઓ પતંગ, દોરી, ચશ્મા, ટોપી સહિતની વસ્તુઓ બજારમાં ખરીદી કરી રહ્યા છે. પતંગરસિયાઓએ ગત વર્ષની ઉત્તરાયણ કરતાં આ વખતે પતંગ-દોરી માટે ૧૦થી ૧૫ ટકા વધુ કિંમત ચૂકવવી પડશે. કાચા માલની મર્યાદિત આવક તેમજ પતંગ બનાવવાની સામગ્રીની કિંમતમાં થયેલા વધારાને પગલે પતંગ-દોરીની કિંમતમાં વધારો જોવા મળ્યો છે. અમરેલી જિલ્લામાં પતંગોત્સવ ઉજવવા માટે પતંગરસિકોમાં અત્યારથી જ અનેરો ઉત્સાહ દેખાઈ રહ્યો છે. ગત વર્ષે પાંચ પતંગની કિંમત રૂપિયા ૧૫થી ૨૦ હતી. જેના માટે આ વર્ષે હવે રૂપિયા ૨૦ થી ૨૫ ચૂકવવા પડશે. આમ, પંજે ૫-૧૦ રૂપિયાનો વધારો થયો છે, આમ, બજારમાં પતંગ રૂ.૬ થી લઈ ૧૫૦ સુધી પતંગના પંજા ઉપલબ્ધ છે, આ જ રીતે હજાર વારની ફિરકીની કિંમત ગત વર્ષે રૂપિયા ૨૦૦ હતી. પતંગની ખરીદી અને દોરી પાવા માટે આવનારાનું પ્રમાણ પણ હજુ સાધારણ જોવા મળી રહ્યું છે. ઉત્તરાયણને હવે એક અઠવાડિયું બાકી છે ત્યારે ઘરાકી જોવા મળશે તેવી વેપારીઓ આશા સેવી રહ્યાં છે. આ વર્ષે પતંગ



દોરીના ભાવમાં ૧૦થી ૧૫ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે જેમાં ૧૦૦૦ વાર દોરીના ૧૦૦ થી લઈ ૩૦૦ સુધી, ૨૦૦૦ વાર દોરીના ૨૦૦ થી ૭૦૦ અને ૫,૦૦૦ વાર દોરીના ૫૦૦થી હજાર રૂપિયા સુધીનો ભાવ વધારો જોવા મળી રહ્યો છે, જ્યારે ૧૦૦ નંગ પતંગના હોલસેલ ભાવ જોઈએ તો, સફેદ ચિલ રૂપિયા ૩૦૦, કલર ચિલ રૂપિયા ૩૬૦ જોવા મળ્યા છે. પતંગના વેચાણ સાથે સંકળાયેલા બગસરાના કૌશિકભાઈ ભરખડાએ જણાવ્યું કે આ વર્ષે પતંગ વેરાયટીઓ જોવા મળી રહી છે જેમાં બાળકો માટે કાર્ટુન વાળી પતંગો, ૨૦૨૫ વેલકમ, આઈ લવ ઈન્ડિયા જેવી અનેક વેરાયટીઓ ઉપલબ્ધ છે, આમ ઉત્તરાયણ પર્વ માટે બ્યુગલ, ગેસના ફુગ્ગાઓ, ડોકટર પટ્ટી, ચશ્મા, ટોપી સહિતની વસ્તુઓની લોકો ખરીદી કરી રહ્યા છે, જોકે, ભાવ વધારા છતાં આ વખતે પતંગ-દોરીનું વેચાણ ગત વર્ષ કરતાં વધશે તેમ પતંગબજારના વેપારીઓનું માનવું છે. પતંગના હોલસેલના વેચાણ સાથે સંકળાયેલા બગસરાના જીતુભાઈ લીંબડીયાએ જણાવ્યું કે, કમાન, વાંસ, કાગળ સહિતના કાચા માલ તેમજ મજૂરીની કિંમતમાં વધારો થતાં પતંગની કિંમત આ વખતે ૧૦ ટકા સુધી વધી ગઈ છે. આ ઉપરાંત આ વખતે ઉત્તરાયણમાં પતંગનું વેચાણ સારું એવું થશે તેવી આશા વ્યક્ત કરી હતી.

**ચાઈનીઝ દોરી, તુક્કલ પર પ્રતિબંધ**

દર વર્ષની જેમ આ વર્ષે અધિક કલેકટર દ્વારા ચાઈનીઝ દોરી અને તુક્કલ ઉડાવવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જો કે જિલ્લામાં છાનેખુણે હજુ પણ ચાઈનીઝ દોરીનું વેચાણ થાય છે તેવુ જાણવા મળ્યુ છે. ચાઈનીઝ દોરીનું વેચાણ અટકાવવા માટે પોલીસ કડક કાર્યવાહી કરે તેવુ લોકો ઈચ્છી રહ્યાં છે.

## અમરેલીમાં પતિ બોલાવતા ન હોવાથી પત્નીએ એસિડ પીધું

**સાસુ, નણંદ પણ ત્રાસ ગુજારતા હતા**

અમરેલી, તા.૯

અમરેલીમાં રહેતી એક પરિણીતાને તેનો પતિ બોલાવતો ન હોવાથી કંટાળીને એસિડ પી લીધું હતું. ઉપરાંત તેના સાસુ તથા નણંદ પણ ત્રાસ આપતા હતા. બનાવ અંગે કોમલબેન યોગીરાજભાઈ ધાખડા (ઉ.વ.૨૨)એ યોગીરાજભાઈ દેસાભાઈ ધાખડા, ઈલાબેન ધાખડા તથા ગોપીબેન ધાખડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના પતિ, સાસુ તથા નણંદ અવારનવાર બોલાચાલી કરી માનસિક દુઃખ-ત્રાસ આપતા હતા. ઉપરાંત મરી જવાનું કહેતા હતા. જેથી તેમણે એસિડ પી લીધું હતું. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ પી.જી. ચોચા વધુ તપાસ કરી રહ્યા છે.

## કુંકાવાવના રાંદલના દડવા ખાતે સ્વ. મહંતની પુણ્યતિથિ નિમિત્તે સંતવાણી યોજાશે

કુંકાવાવ, તા.૦૯



કુંકાવાવ તાલુકાના રાંદલના દડવા ખાતે કૈલાશવાસી મહંત શ્રી બળવંતપ્રગટ બાપુની છઠ્ઠી પુણ્યતિથિમાં ભાગ લેવા મહંત શ્રી હરેશપ્રગટ બાપુ અને તેમના પરિવાર દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે. શુક્રવાર, ૧૭ જાન્યુઆરીએ બળવંતપ્રગટબાપુની પુણ્યતિથિ નિમિત્તે રાંદલ માતાજીના મંદિરે સંતવાણીનું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તેમાં રાજભા ગઢવી, ભાવનાબેન પટેલ, દલસુખભાઈ પ્રજાપતિ, જગદીશભાઈ સોની, શ્રવણદાસ બાપુ, ગુલાબગીરીબાપુ સંતવાણી અને લોકસાહિત્ય રજૂ કરશે. આ અવસરે ભક્તોને ભજન-ભોજનનો લ્હાવો લેવા કુટુંબ સહિત પધારવા જાહેર આમંત્રણ છે.

## ઢાંગલા પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન યોજના પુનઃ કાર્યરત

લીલીયા, તા.૦૯



લીલીયા તાલુકાના ઢાંગલા ગામની પ્રાથમિક શાળામાં લાંબા સમયથી બંધ પડેલું મધ્યાહન ભોજન કેન્દ્ર નંબર ૧૪ ફરી કાર્યરત થયું છે. અગાઉ કેન્દ્રના સંચાલક, રસોઈયા અને મદદનીશે રાજીનામા આપી દેતા આ કેન્દ્ર બંધ થઈ ગયું હતું, જેના કારણે શાળાના બાળકો પૌષ્ટિક આહારથી વંચિત રહ્યા હતા. આ બાબતની જાણ લીલીયા મામલતદાર કે.બી. સાંગાણીને થતાં તેમણે તાત્કાલિક પગલાં લેતા હવે આ કેન્દ્ર પુનઃ કાર્યરત થતાં શાળાના બાળકોને નિયમિત રીતે બપોરનું ભોજન મળવાનું શરૂ થતા બાળકોમાં આનંદ ફેલાયો છે.

## કલા મહાકુંભમાં દેવકા વિદ્યાપીઠની વિદ્યાર્થિનીઓનો ઉત્કૃષ્ટ દેખાવ



રાજુલા, તા.૦૯

રાજુલાની ટી.જે.બી. ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે યોજાયેલ તાલુકા કક્ષાના કલા મહાકુંભમાં દેવકા વિદ્યાપીઠની વિદ્યાર્થિનીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. સુગમ સંગીત, લોકગીત, લોકનૃત્ય, સમૂહગીત અને હાર્મોનિયમ જેવી વિવિધ કલા સ્પર્ધાઓમાં શાળાની વિદ્યાર્થિનીઓએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ સફળતા બદલ શાળાના સંસ્થાપક ભાઈશ્રીએ વિદ્યાર્થિનીઓને આશીર્વચન પાઠવ્યા હતા, જ્યારે મેનેજિંગ ટ્રસ્ટી ડી.એચ. ગોયાણીએ અભિનંદન આપ્યા હતા. શાળાના આચાર્ય બેલાબેન નાયક અને હરેશભાઈ જેઠવાએ વિદ્યાર્થિનીઓને સંપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## સાવરકુંડલામાં ખેલ મહાકુંભનો રંગારંગ પ્રારંભ, ૩૩ કબડ્ડી ટીમોની જોરદાર ટક્કર

સાવરકુંડલા, તા.૦૯



સાવરકુંડલા શહેરના મહુવા રોડ પર આવેલ એસએમજીકે શૈક્ષણિક સંકુલમાં તા.૦૯ના રોજ તાલુકા કક્ષાના ખેલ મહાકુંભ-૩.૦નું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવમાં વિવિધ વયજૂથની કુલ ૩૩ કબડ્ડી ટીમોએ ભાગ લીધો હતો. એસએમજીકે શૈક્ષણિક સંકુલના કેમ્પસ ડાયરેક્ટર કુરેશીએ ઉપસ્થિત તમામ ખેલાડીઓ, કોચ અને કેપ્ટનનું શાબ્દિક સ્વાગત કરી કાર્યક્રમને ખુલ્લો મૂક્યો હતો. સ્પર્ધામાં અંડર-૧૪ વિભાગમાં ભાઈઓની ૧૩ ટીમો, બહેનોની ૯ ટીમો, અંડર-૧૭માં ૬ ટીમો અને ઓપન વિભાગમાં ભાઈઓની ૫ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આજના ડિજિટલ યુગમાં વિદ્યાર્થીઓ અને આમજનતામાં મેદાની રમતો પ્રત્યે રસ વધે તે આ ખેલ મહાકુંભનો મુખ્ય ઉદ્દેશ છે.

## સાવરકુંડલાની આંબરડી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ ખેલ મહાકુંભમાં ચમક્યા

સાવરકુંડલા, તા.૦૯



સાવરકુંડલાના આંબરડી ગામની શ્રી આંબરડી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભ ૨૦૨૫માં તાલુકા કક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. ધોરણ નવમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી જૈવિન જયસુખભાઈએ ૪૦૦ મીટર દોડમાં તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવીને શાળાનું ગૌરવ વધાર્યું છે. અન્ડર-૧૭ વિભાગમાં ધોરણ ૧૨ના વિદ્યાર્થી મકવાણા રોનિકભાઈએ ૧૭૦૦ મીટર દોડમાં તાલુકા કક્ષાએ ત્રીજું સ્થાન મેળવીને શાળાની સિદ્ધિઓમાં વધુ એક ઉમેરો કર્યો છે. એથ્લેટિક્સ સ્પર્ધાઓમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને શાળાના શિક્ષક રમેશભાઈ ચારિયાએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## સાવરકુંડલામાં ખોદેલા દસ રોડનું કામ રેતીની અછતના કારણે બંધ!

સાવરકુંડલા, તા.૦૯



સાવરકુંડલા શહેરમાં વિકાસના કામો અંતર્ગત દસ પાકા રસ્તા બની રહ્યા છે. જેમાં મેઈન બજાર, પંડ્યા શેરી, અમરેલી રોડ અને મારુતિ નગર વગેરે રોડનો સમાવેશ થાય છે. આ રોડના નિર્માણ માટે રેતીની ખૂબ જરૂર પડે છે અને અત્યારે રેતી મળતી નથી, તેથી મેઈન બજારમાં વેપારીઓને ખૂબ જ હાલાકી ભોગવવી પડે છે. આ રોડ બનાવવા માટે કોન્ટ્રાક્ટરે ૨૩ દિવસથી રોડ ખોદેલ છે. રોડની બિસ્માર હાલતના કારણે લોકોને ચાલવામાં પણ તકલીફ થઈ રહી છે. આથી લોકોની માગણી છે કે, રેતી સરળ રીતે ઉપલબ્ધ થાય તેવી સરકાર નીતિ અપનાવે. સાવરકુંડલામાં જ્યાં અન્ય જગ્યાએ પણ બાંધકામ થઈ રહ્યું છે ત્યાં પણ રેતી વગર કામ અટકવાની ભીતિ સેવાઈ રહી છે. આથી લોકોને ચિંતા છે કે, રેતી ન મળતા કડીયા, મજૂર પોતાના વતન ચાલ્યા જશે તો રોડનું શું થશે? વહીવટી તંત્ર કડક થતા સાવરકુંડલામાં દરેક કન્સ્ટ્રક્શન કામ બંધ છે ત્યારે મેઈન બજાર અને અન્ય રોડનું કામ ઝડપથી પૂરું થાય તેવી લોકોની માગ છે.


## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિઃ એકાદશી
તા. ૧૦-૦૧-૨૦૨૫, શુક્રવાર, સૂર્યોદય-૦૭:૧૫,
સૂર્યાસ્ત-૦૫:૪૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ કૃતિકા

## દૈનિક રાશિફળ

**તા.૧૦-૦૧-૨૦૨૫ — શુક્રવાર**

- મેષઃ આજે કોઇપણ નવા કાર્યને શરૂ કરવા માટે સમય અનુકૂળ છે. થોડો સમય એકાંતમાં તથા આત્મચિંતન કરવામાં પસાર કરશો.
- વૃષભઃ તમને કોઇ સારી સફળતા મળવાની છે. તમારાથી આ સમયે કોઇ ભૂલ થવાની શક્યતા છે. તણાવને હાવી થવા દેશો નહીં.
- મિથુનઃ જેટલો વધારે પરિશ્રમ કરશો તેટલું જ અનુકૂળ પરિણામ પણ પ્રાપ્ત થશે. દૈનિક કાર્યોને શાંતિથી પૂર્ણ કરશો. સ્વાસ્થ્ય સારું રહેશે.
- કર્કઃ પાર્ટનરશિપને લગતા કાર્યોમાં પારદર્શિતા જાળવી રાખવી જરૂરી છે. તમારી દિનચર્યાને લગતા કાર્યોમાં સંપૂર્ણ ઊર્જા લગાવીને ધ્યાન આપી શકશો.
- સિંહઃ પરિવાર સાથે હરવા-ફરવા તથા ડિનરનો પ્રોગ્રામ બનશે. કોઇ જૂના મિત્ર સાથે મુલાકાત થવાથી વિતેલી યાદો તાજા થશે.
- કન્યાઃ તમારા વિરોધીઓની ગતિવિધિઓ ઉપર નજર રાખો. વેપારમાં આજે કોઇ કામ પ્રત્યે વધારે મહેનતની જરૂરિયાત છે.
- તુલાઃ સંબંધોને મજબૂત જાળવી રાખવાની તમારી કોશિશ સફળ થશે. સંબંધો ગાઢ બનશે. તમે તે દરેક વસ્તુ પ્રાપ્ત કરવાની કોશિશ કરશો.
- વૃશ્ચિકઃ પરિવારમાં વાતાવરણ સુખદ રહેશે. ધર્મ અને અધ્યાત્મ પ્રત્યે તમારો વધતો વિશ્વાસ પણ તમને શાંતિ અને માનસિક સુખ આપશે.
- ધનઃ વેપારમાં નવી પાર્ટીઓ તથા નવા લોકો સાથે વ્યવહાર કરતા સમયે થોડા સાવધાન રહો. સ્વાસ્થ્યને લગતી પરેશાની થઇ શકે છે.
- મકરઃ તમારી સહનશક્તિમાં ઘટાડો ન આવવા દેશો. બપોર પછી સમય ખૂબ જ શાંતિપૂર્ણ અને અનુકૂળ છે. અન્ય માટે પ્રેરણાદાયી રહેશે.
- કુંભઃ રાજનૈતિક તથા અનુભવી વ્યક્તિની સલાહ તથા મદદ તમારા વ્યવસાયને નવી દિશા પ્રદાન કરશે. સ્વાસ્થ્ય ઠીક રહેશે.
- મીનઃ આ સમયે કોઇપણ પ્રકારનું દેવુ લેવાથી બચવું. વેપારમાં ફાયદો આપતી નવી યોજનાઓ બનશે. શારીરિક અને માનસિક થાક રહી શકે છે.


**વી. કે. મોટર્સ**
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE

તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા

તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com


## અગ્નિવીર તરીકે જોડાવા ઈચ્છુક ઉમેદવારો ૨૧ જાન્યુ. સુધી અરજી કરી શકશે

અમરેલી, તા.૦૯

ભારતીય વાયુસેનામાં અગ્નિવીર વાયુ તરીકે જોડાવા અને દેશની ઉત્કૃષ્ટ સેવા કરવા ઈચ્છુક ઉમેદવારોએ તા ૦૭/૦૧ થી ૨૭/૦૧/૨૦૨૫ સુધીમાં ઓનલાઈન પોર્ટલ https://www.agnipathvayu.cdac.in પર અરજી કરવી. ધોરણ ૧૨ પાસ અને ૧૬.૫ વર્ષથી ૨૦ વર્ષ સુધીના અપરિણિત પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. વધુ વિગત માટે પોર્ટલની મુલાકાત લેવા અમરેલી રોજગાર અધિકારી જણાવ્યુ છે.

**-// એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી //-**

અપીલ રજી.નં.૦૧/૨૦૨૫

**અરજદાર** :- શ્રી સભાયા વિમળાબેન માધાભાઈ
તે ભીખાભાઈ કરશનભાઈ અસોદરીયાના પત્ની
રહે. જરખીયા, તા.લાઠી, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.સુરગપુરા, તા.જિ.અમરેલી

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના સુરગપુરા ગામમાં અરજદારશ્રી તેઓના નાના ભાઈ સભાયા કાળુભાઈ માધાભાઈની જન્મ(તા.૧૫/૦૩/૧૯૫૩) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૬/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

સહી
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

**-// એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી //-**

અપીલ રજી.નં.૧૪૬/૨૦૨૪

**અરજદાર** :- શ્રી ઝવેરભાઈ જાદવભાઈ અસલાલીયા
રહે. જસવંતગઢ, તા. જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.જસવંતગઢ, તા.જિ.અમરેલી

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના જસવંતગઢ ગામમાં ઝવેરભાઈ જાદવભાઈ અસલાલીયા તેઓના પત્ની કાંતાબેન ઝવેરભાઈ અસલાલીયાની મરણ તા.૦૭/૦૭/૧૯૯૪ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૭/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

સહી
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## સંસ્કાર વિદ્યાલય સા.કુંડલાની બાળાઓની કલા મહાકુંભમાં જિલ્લા કક્ષાએ પસંદગી

સા.કુંડલા, તા.૦૯



સાવરકુંડલાની સંસ્કાર વિદ્યાલયની બાળાઓ તાલુકા કક્ષાની કલા મહાકુંભમાં ગરબા અને લગ્ન ગીતમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી જિલ્લા કક્ષાએ પસંદગી પામતા શુભેચ્છાઓનો ધોધ શરૂ થયો છે. આ કૃતિઓ અમીબેન પરમાર, રૂપલબેન ડોબરીયા, નિકિતાબેન જેઠવા અને વૈશાલીબેન ભટ્ટ દ્વારા તૈયાર કરવામાં હતી. શાળાના આચાર્ય કેતનભાઈ રાવલ તથા ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી વિનુભાઈ રાવલ દ્વારા આ બાળાઓને અને સ્ટાફગણને શુભકામના પાઠવવામાં આવી હતી. બાળાઓ ભવિષ્યમાં ખૂબ પ્રગતિ કરે અને શાળા, પરિવાર અને રાષ્ટ્રનું નામ રોશન કરે તેવી શુભકામના વહેતી થઈ છે.

**તંત્રી લેખ**

# ભારત એટલે 'મધ્યમ આવક'વાળો દેશ

ભારતીય અર્થતંત્ર દુનિયામાં ચોથા નંબરનું અર્થતંત્ર ભલે બની રહ્યું હોય પરંતુ આ દેશમાં ગરીબ લોકો અને મિડલ ક્લાસ લોકો કાયમ રહેવાના જ છે. તેની સ્થિતિમાં બહુ ફેરફાર થાય તેવી આશા હવે જણાતી નથી. ભારતની કુલ રાષ્ટ્રીય આવક (જીએનઆઈ)ની વૃદ્ધિ વ્યક્તિ દીઠ ૧.૧૩૬થી ૧૩.૮૪૫ ડોલરની વચ્ચે થંભી જવાનું જોખમ છે. વિશ્વ બેન્કના આંકડા મુજબ ભારત અત્યારે લોઅર મિડલ ઈનકમ (૧.૧૩૬થી ૪,૪૬૫ ડોલર) વાળા દેશની શ્રેણીમાં આવે છે. તેનો જીએનઆઈ ૧૨-૧૩ હજાર ડોલરની નજીક પહોંચશે તો તે સમયગાળો ૨૦૩૩થી ૨૦૩૬ની વચ્ચેનો હશે. એટલે કે, ૯થી ૧૨ વર્ષ પછી ભારત કાયદેસરનો 'મધ્યમ આવક'વાળો દેશ કહેવડાવાને લાયક બની શકશે. સવાલ એ છે કે, શું આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓ દ્વારા આપવામાં આવતા વ્યક્તિ દીઠ રાષ્ટ્રીય આવકના આંકડા આપણા એક નાગરિકની આવકનો સાચો અંદાજ આપે છે? ભારતના એક સ્ટેડિયમમાં ક્રિકેટની મેચ ચાલી રહી હતી. તેમાં ત્રીસ હજાર લોકો બેઠા હતા. આંકડા મુજબ તેમની સરેરાશ આવક નિચલાથી થોડી ઉપર, પરંતુ મધ્યમના લક્ષ્યથી દૂર હતી. ત્યાં જ સંયોગવશાત દુનિયાના સૌથી ધનવાન વ્યક્તિ ઈલોન મસ્ક પણ મેચ જોવા સ્ટેડિયમમાં આવી ગયા. તેમની સંપત્તિનો અંદાજ ૩૦૨ અબજ ડોલર લગાવાય છે. આ દૃષ્ટિએ તેમના સ્ટેડિયમમાં આવતા જ દરેક વ્યક્તિની સરેરાશ આવક દસ-દસ લાખ ડોલર પર પહોંચી ગઈ. એ પણ દુનિયાના ધનિક માનવીની એન્ટ્રીની સાથે માત્ર એક મિનિટમાં હાજર રહેલા તમામ લોકો લાખોપતિ બની ગયા આનું નામ આંકડાની માયાજાળ. આ છે આવક અને સરેરાશનો ખેલ. જે સરેરાશ કાઢવામાં આવે છે તેના પરથી લાગે છે કે આ દેશમાં કોઈ ગરીબ નથી સૌ કોઈ ધનવાન છે પરંતુ ગરીબ અને મધ્યમ વર્ગના ખિસ્સામાં કેટલા પૈસા છે તે આ સર્વે કહી શકે નહીં. આંકડાશાસ્ત્રીઓ જે કાલ્પનિક આંકડાઓ રજૂ કરે છે તે છેતરામણા હોય તેવું લોકો અનુભવે છે. ભારતીય અર્થતંત્ર વ્યક્તિ દીઠ આવકની દ્રષ્ટિએ ખરાબ સ્થિતિમાં છે. તેના સૂચકાંક મુજબ ભારતનું સ્થાન ૧૩૬મું છે. બીજી રીતે વિચારીએ તો જો ૨૦૨૨-૨૩માં એક અબજ ચાલીસ કરોડ ભારતીયોની આવકનો પિરામિડ બનાવીએ તો ટોચના ૧% લોકો દર વર્ષે વ્યક્તિ દીઠ રૂ.૫૩ લાખ કમાય છે. તેમના ભાગમાં દેશની સરેરાશ આવકના ૨૨.૬% આવે છે. ત્યાર પછીના સ્તરમાં ૧૦% લોકો એવા છે, જે વાર્ષિક રૂ.૧૩.૫ લાખની કમાણી કરે છે. આ ૧૦% લોકોના ભાગમાં ભારતની કુલ વસતીના ૫૭.૭% આવે છે. આ આંકડા સ્પષ્ટ કરે છે કે, આપણા દેશમાં માત્ર ૧૧% લોકો એવા છે, જેમના ભાગમાં ભારતની કુલ આવકના ૫૭.૭% આવે છે. આ આંકડા સ્પષ્ટ કરે છે કે, આપણા દેશમાં માત્ર ૧૧% લોકો એવા છે, જેમના હાથમાં દેશના જીએનઆઈના ૯૦.૩% છે. અન્ય ૮૯%ના હાથમાં શું છે? આ પિરામિડના મધ્યમાં આવતા ૪૦% લોકોની આવક દર વર્ષે વ્યક્તિ દીઠ ૧.૬૫ લાખ છે. બાકીના ૫૯% લોકો આ પિરામિડમાં સૌથી નીચે છે. જે માત્ર દર વર્ષે વ્યક્તિ દીઠ રૂ.૭૧,૧૬૩ની કમાણી કરી રહ્યા છે. શું આ આંકડાથી સમજાતું નથી કે, દેશમાં ૮૦% લોકોને મફત અનાજની કેમ જરૂર છે અને જેમના ખાતામાં રૂ.૧૦૦૦-૨૦૦૦ આવે છે, તેમને લાભાર્થી માની લેવાય છે. પાર્ટીઓ અને સરકારો માને છે કે, આ નાનકટો ટૂકડો ફેંકવાથી તે તેમના મતદાર બની જશે. આને વડાપ્રધાન મોદી રેવડી કલ્ચર કહે છે. હવે દિલ્હીમાં ચૂંટણી થવાની છે ત્યારે આમ આદમીની પાર્ટી આવી રેવડી વહેંચી રહી છે.

# સ્ટીલની સસ્તી આયાતથી દેશના લઘુ ઉદ્યોગનો મૃત્યુઘંટ વાગી જશે

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

રાજકોટના ફાઉન્ડરી ઉદ્યોગમાં બીડ એટલે કે કાસ્ટિંગનો સ્ક્રેપ મોટાભાગે વપરાય છે. પરંતુ આ બિડ એટલે કે કાસ્ટ આર્યનના બિલેટ વિદેશથી આયાત થાય છે. જે સસ્તા છે પણ હલકી ગુણવત્તાના છે આના કારણે તેમાંથી જે મશીન પાર્ટ્સ બને છે તેની ગુણવત્તા નબળી પડે છે. જેથી ફાઉન્ડરી ઉદ્યોગને નુકસાન વેઠવું પડે છે. આવું જ સ્ટીલનું છે. હલકી ગુણવત્તાના લોખંડને કારણે જે સળિયા બને છે હલકા બને છે. આવું સ્ટીલ વાપરીને જે બિલ્ડીંગ બને છે તે બિલ્ડીંગ હલકા સ્ટીલને કારણે જલ્દી collapse થઈ જાય છે. આવું સ્ટીલ જલ્દી કટાઈ જાય છે અને નકામું થઈ જાય છે. સરવાળે આયાતી સ્ટીલ સસ્તુ હોવા છતાં મોંઘું પડે છે તેની સામે અલંગનું રિસાયકલનું સ્ટીલ ઓરીજનલ હોવાથી તેની ગુણવત્તા વધુ સારી હોય છે. આ સેકન્ડરી સ્ટીલ કહેવાય છે. હવે આપણે આ બાબતમાં વર્તમાન સ્થિતિનો તાગ મેળવીએ.

નાણાકીય વર્ષ ૨૦૨૫માં ચાર વર્ષમાં પ્રથમ વખત સ્થાનિક સ્ટીલ ઉદ્યોગની ક્ષમતાનો ઉપયોગ ૮૦ ટકાથી નીચે ચાર વર્ષની નીચી સપાટીએ ઉતર્યો છે. દેશમાં વધી રહેલી સસ્તી આયાતને કારણે સ્થાનિક ઉદ્યોગ ઝડપથી બજાર હિસ્સો ગુમાવી રહ્યો છે. જેના કારણે સ્ટીલ આધારિત સ્થાનિક ઉદ્યોગોનો વિકાસ રૂંધાઈ રહ્યો છે. આ માટે શું પગલાં લેવા જરૂરી છે તેની સમીક્ષા જરૂરી છે.

સ્થાનિક સ્ટીલ ઉદ્યોગ એ કોઈપણ દેશની અર્થવ્યવસ્થાનો એક મહત્વનો આધારસ્તંભ છે. આ ઉદ્યોગ ન માત્ર રોજગારી પૂરી પાડે છે પરંતુ બાંધકામ, ઓટોમોબાઈલ અને અન્ય ઘણા ઉદ્યોગોને પણ ટેકો આપે છે. ભાવનગર અને સિહોરની રોલીંગ મીલોનો કાચો માલ સ્ટીલ છે. આ સ્થાનિક સ્ટીલ ઉદ્યોગ મહત્વનો છે. જેના દ્વારા અનેક લોકોને રોજગારી મળી રહી છે. મતલબ કે સ્ટીલ ઉદ્યોગ રોજગારીનું સર્જન કરે છે. સ્ટીલ ઉદ્યોગ સીધા અને આડકતરી રીતે લાખો લોકોને રોજગારી આપે છે. જેના કારણે ભાવનગર, સિહોર સહિતના સમગ્ર દેશની આર્થિક વૃદ્ધિ થાય છે.

સ્ટીલ ઉદ્યોગની વૃદ્ધિ એ દેશની કુલ ઘરેલુ ઉત્પાદન (GDP) માં મહત્વનો ફાળો આપે છે. તે બાંધકામ ક્ષેત્રને ટેકો આપે છે. સ્ટીલ એ બાંધકામ ક્ષેત્રમાં એક મહત્વનો કાચો માલ છે. આ ઉપરાંત અન્ય ઉદ્યોગોને ટેકો આપે છે. જેમકે ઓટોમોબાઈલ, મશીનરી અને ઘરગથ્થુ ઉપકરણો જેવા ઉદ્યોગો સ્ટીલ પર આધારિત છે. આત્મનિર્ભર ભારતઃ સ્થાનિક સ્ટીલ ઉત્પાદન દેશને આયાત પરની નિર્ભરતા ઘટાડવામાં મદદ કરે છે.

હવે આપણે દેશની સ્ટીલ પ્રત્યેની નીતિ અને અન્ય બાબતો



અંગે જોઈએ. વર્તમાન નાણાં વર્ષના એપ્રિલથી ઓક્ટોબરના ગાળામાં દેશની સ્ટીલ આયાત વાર્ષિક ધોરણે ૪૨.૧૦ ટકા વધી ૫૭.૬૮ લાખ ટન રહી છે. ક્રેડિટ રેટિંગ એજન્સી ઈકરાએ જણાવ્યું હતું કે વાર્ષિક ૯થી ૯૫ મિલિયન ટનની ક્ષમતા વધારાની યોજના, જેમાં ૪૫થી ૫૦ બિલિયન ડોલરનું રોકાણ સામેલ છે, જ્યાં સુધી સ્થાનિક સ્ટીલ મિલોની કમાણી વર્તમાન સ્તરે ન વધે ત્યાં સુધી મંદીનું જોખમ હોઈ શકે છે. સ્થાનિક સ્ટીલ ઉદ્યોગમાં છેલ્લા નાણાકીય વર્ષ દરમિયાન વાર્ષિક ૧૮.૨ મિલિયન ટનની ક્ષમતામાં વધારો થયો છે. ચાલુ વર્ષમાં ૧૫.૩ મિલિયન ટન પ્રતિ વર્ષ વધુ ક્ષમતા ઉમેરવામાં આવશે. જોકે, એવી અપેક્ષા છે કે સ્થાનિક સ્ટીલની માંગ નાણાકીય વર્ષ ૨૦૨૫માં તેનો મજબૂત વૃદ્ધિ દર ૧૦ થી ૧૧ ટકા જાળવી રાખશે.

પરંતુ સ્થાનિક મિલો તેમના બજાર હિસ્સાને સસ્તી આયાતથી બચાવવા માટે સંઘર્ષ કરી રહી છે. સ્થાનિક ફિનિશ્ડ સ્ટીલના ઉત્પાદનમાં પાંચ ટકાની અત્યંત નીચી વૃદ્ધિથી આ સ્પષ્ટ થાય છે. કંપનીઓ ચાલુ નાણાકીય વર્ષમાં પણ આવી જ સ્થિતિ જોઈ રહી છે. વિક્રમી સ્તરે ચાલી રહેલી વિસ્તરણ યોજનાઓને ઉમેરતા, ઉદ્યોગનો ક્ષમતા ઉપયોગ દર નાણાકીય વર્ષ ૨૦૨૪માં ૮૫ ટકાથી ઘટીને ચાલુ નાણાકીય વર્ષમાં અંદાજિત ૭૮ ટકા થવાની સંભાવના છે. નોંધવું રહ્યું કે છેલ્લા ચાર વર્ષમાં આ સૌથી નીચું સ્તર છે. વિસ્તરણની દોડમાં મોટા સ્ટીલ ઉત્પાદકો છેલ્લા કેટલાક સમયથી સસ્તી આયાતનો મુદ્દો ઉઠાવી રહ્યા છે. ચીન, અન્ય મુખ્ય ઉત્પાદન અને વપરાશ કેન્દ્રો સાથે, નબળા આર્થિક વિકાસના દૃષ્ટિકોણનો સામનો કરે છે. આને કારણે, વેપારનો પ્રવાહ ભારત જેવા વધુ વિકસિત બજારો તરફ વાળવામાં આવ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૫ના સાત મહિનામાં ભારતમાં સ્ટીલની આયાતમાં ચીનનો હિસ્સો સૌથી વધુ ૩૦ ટકા હતો. દેશમાં સ્ટીલની આયાત ઘટાડવાની ઉદ્યોગની સતત માગ વચ્ચે આયાતમાં વધારો જોવા મળી રહ્યો છે, જેને પરિણામે સ્ટીલ કંપનીઓની ચિંતામાં વધારો થયો છે.


વર્તમાન નાણાં વર્ષના એપ્રિલથી ઓક્ટોબરના ગાળામાં દેશની સ્ટીલ આયાત વાર્ષિક ધોરણે ૪૨.૧૦ ટકા વધી ૫૭.૬૮ લાખ ટન રહી છે. આયાતમાં જોરદાર વધારાથી ઘરેલું સ્ટીલ ઉત્પાદકોએ સરકારને પોતાના વેપારનું રક્ષણ કરવા અનુરોધ કર્યો હોવાનું સ્ટીલ ઉદ્યોગના સુત્રોએ જણાવ્યું હતું. સસ્તી આયાત અટકાવવા ચોક્કસ પ્રકારના સ્ટીલ પર એન્ટી ડમ્પિંગ ડયૂટી લાગુ કરવા માગણી કરવામાં આવી હોવાનું ઉદ્યોગના સુત્રોએ જણાવ્યું હતું. જોકે દેશના માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ (એમએસએમઈ) ક્ષેત્ર તરફથી ડયૂટીમાં વધારા સામે વિરોધ નોંધાવવામાં આવ્યો છે. ડયૂટી વધવાથી ઘરઆંગણે તથા આયાતી સ્ટીલ મોંઘુ થશે જે એમએસએમઈની નિકાસને મોંઘી બનાવશે તેવી એમએસએમઈ ક્ષેત્ર તરફથી દલીલ કરવામાં આવી રહી છે. નાણાં વર્ષ ૨૦૨૦થી નાણાં વર્ષ ૨૦૨૪ના ગાળામાં સ્ટીલ આયાતમાં ૫.૨૯ ટકા ચક્રવૃદ્ધિ દરે વધારો થયો છે. ગયા નાણાં વર્ષમાં તો ભારત સ્ટીલનો નેટ આયાતકાર દેશ બની રહ્યો હતો. ભારતની સ્ટીલની મોટાભાગની આયાત ચીન, જાપાન તથા દક્ષિણ કોરિયા ખાતેથી થાય છે. આ રીતે વધતી આયાતને કારણે ખાસ કરીને દેશના નાના અને મધ્યમ કદના ઉદ્યોગોને ભારે નુકસાની થઈ રહી છે. સ્ટીલ ઉદ્યોગ માટે સરકાર પ્રોત્સાહન આપે તે જરૂરી છે. નોંધ :- પારિભાષિક શબ્દોની સમજૂતી : (૧) કાસ્ટિંગ બિલેટ એટલે જેને ઢાળી શકાય તેવા લોખંડના જે ચોસલા બ્રાઝિલ સહિતના દેશોમાંથી આયાત કરવામાં આવે છે તેને કાસ્ટિંગ બિલેટ કહેવામાં આવે છે જેનો સૌથી મોટો ઉપયોગ રાજકોટ, અમદાવાદ અને ભાવનગરનો ફાઉન્ડરી ઉદ્યોગ કરે છે. રાજકોટના ઓઈલ એન્જિન સહિતના મશીન ઉદ્યોગમાં જે મશીન તોડીને સ્ક્રેપ કરવામાં આવે છે તે સેકન્ડરી સ્કેલ છે તેને રિસાયકલ સ્ટીલ પણ કહેવામાં આવે છે જ્યારે જમશેદપુરની ભઠ્ઠીમાં આર્યન ઓર એટલે કે કાચી ધાતુમાંથી જે લોખંડ બનાવવામાં આવે છે તેને પ્રાઈમરી સ્ટીલ અથવા તો પ્રીમિયમ સ્ટીલ, અથવા વર્જિન સ્ટીલ કહેવામાં આવે છે. (૨) રોટ આર્યન એટલે જેને વાળી શકાય, ટીપી શકાય તેવું લોખંડ જ્યારે કાસ્ટ સ્ટીલ એટલે ઢાળી શકાય તેવું લોખંડ અને એલોઈઝ એટલે લોખંડની મિશ્ર ધાતુ.

**ઉદ્યોગોનો કાચો માલ જો વિદેશથી સસ્તા ભાવે મળે તો તેને કારણે સ્થાનિક ઉદ્યોગોને નુકસાન થાય છે. વિદેશમાંથી સસ્તુ આયાતી સ્ટીલ અને કાસ્ટિંગના બિલેટ હલકી ક્વોલિટીના હોવાથી નુકસાન વેઠવું પડે છે. બીજી બાજુ સ્ટીલની સેકન્ડરી માર્કેટને પણ નુકસાન થાય છે.**

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૪૦ | ૧૫૩૪ |
| ઘઉં લોકવન | ૬૦૦ | ૬૩૧ |
| ઘઉં ટુકડા | ૬૦૩ | ૬૭૬ |
| જુવાર સફેદ | ૭૭૫ | ૯૧૯ |
| જુવાર લાલ | ૮૦૧ | ૧૦૦૦ |
| જુવાર પીળી | ૪૩૧ | ૫૫૪ |
| બાજરી | ૪૫૦ | ૫૭૧ |
| તુવેર | ૧૨૨૧ | ૧૮૪૧ |
| ચણા પીળા | ૧૦૫૦ | ૧૩૦૯ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૨૬૫૦ |
| અડદ | ૧૧૧૧ | ૧૬૮૬ |
| મગ | ૧૨૮૦ | ૧૮૮૦ |
| વાલ દેશી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળી | ૧૦૦૦ | ૨૩૬૦ |
| મઠ | ૯૦૦ | ૧૨૦૦ |
| કળથી | ૮૨૫ | ૯૫૦ |
| મગફળી જાડી | ૯૧૦ | ૧૧૩૦ |
| મગફળી જીણી | ૯૨૦ | ૧૨૩૫ |
| તલી | ૧૯૫૦ | ૨૪૦૭ |
| એરંડા | ૧૧૯૦ | ૧૨૩૫ |
| સોયાબીન | ૭૯૦ | ૮૨૬ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૨૬૫ |
| કાળા તલ | ૩૨૦૦ | ૪૬૪૦ |
| લસણ | ૧૯૦૦ | ૩૩૬૦ |
| ધાણા | ૧૧૨૦ | ૧૫૦૦ |
| મરચા સુકા | ૧૦૦૦ | ૨૫૦૦ |
| ધાણી | ૧૧૭૦ | ૧૫૯૫ |
| વરીયાળી | ૧૧૪૦ | ૧૫૯૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૪૭૪ |
| રાય | ૧૦૫૦ | ૧૨૯૦ |
| મેથી | ૮૫૦ | ૧૧૦૦ |
| રાયડો | ૯૮૦ | ૧૧૧૫ |
| ગુવારનું બી | ૯૮૦ | ૧૦૩૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૦૦ | ૮૦૦ |
| બટેટા | ૨૦૦ | ૫૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૪૫૦ |
| ટમેટા | ૨૦૦ | ૩૦૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમરી | ૧૦૦ | ૨૦૦ |
| મુળા | ૨૦૦ | ૩૦૦ |
| રીંગણા | ૮૦ | ૧૬૦ |
| કોબીજ | ૩૦ | ૬૦ |
| ફ્લાવર | ૧૪૦ | ૨૫૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૮૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૧૩૦ | ૨૨૦ |
| ટીંડોળા | ૬૦૦ | ૮૦૦ |
| દુધી | ૧૩૦ | ૨૨૦ |
| કારેલા | ૪૦૦ | ૭૦૦ |
| સરગવો | ૨૦૦ | ૧૩૦૦ |
| તુરીયા | ૧૨૫૦ | ૧૪૩૦ |
| પરવર | ૧૧૦૦ | ૧૪૦૦ |
| કાકડી | ૯૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૩૦૦ | ૪૦૦ |
| વટાણા | ૬૦૦ | ૮૦૦ |
| તુવેરસીંગ | ૩૦૦ | ૬૫૦ |
| ગલકા | ૫૦૦ | ૭૦૦ |
| બીટ | ૧૫૦ | ૩૦૦ |
| મેથી | ૧૨૦ | ૨૧૦ |
| વાલ | ૫૦૦ | ૭૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૬૫૦ | ૮૩૦ |
| ચણા લીલા | ૧૭૦ | ૫૨૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૬૫૦ | ૮૩૦ |
| લસણ લીલું | ૧૬૦૦ | ૨૦૫૦ |
| મકાઇ લીલી | ૨૪૦ | ૩૨૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૦૫ | ૧૧૪૫ |
| ગિરનારી શીંગ | ૧૦૩૨ | ૧૧૯૬ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૧૯૬ |
| શિંગદાણા ફાડા | ૯૮૫ | ૧૧૯૦ |
| તલ સફેદ | ૧૫૩૦ | ૨૫૦૦ |
| તલ કાળા | ૨૪૦૦ | ૪૬૨૦ |
| તલ કાશ્મીરી | ૨૮૨૦ | ૨૮૨૦ |
| બાજરો | ૫૩૧ | ૫૮૦ |
| જુવાર | ૪૫૫ | ૧૦૩૧ |
| ઘઉં ટુકડા | ૫૭૬ | ૬૭૩ |
| ઘઉં લોકવન | ૫૭૧ | ૬૫૩ |
| અડદ | ૧૦૩૫ | ૧૫૬૨ |
| ચણા | ૭૮૫ | ૧૨૨૩ |
| તુવેર | ૯૫૦ | ૧૭૦૮ |
| કપાસ | ૮૬૦ | ૧૫૪૨ |
| એરંડા | ૧૧૨૨ | ૧૨૧૬ |
| જીરૂ | ૪૧૦૦ | ૪૩૫૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૪૧૫ |
| સોયાબીન | ૫૦૦ | ૮૩૨ |
| રાજકાનું બી | ૧૮૦૦ | ૪૧૦૦ |
| મરચા લાંબા | ૪૧૦ | ૩૧૭૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૪૦ | ૫૦૦ |
| રીંગણાં | ૨૦૦ | ૩૪૦ |
| ફુલાવર | ૧૨૦ | ૨૫૦ |
| કોબીજ | ૧૦૦ | ૨૪૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૫૦૦ |
| ટામેટા | ૨૦૦ | ૩૨૦ |
| સુરણ | ૯૫૦ | ૧૧૫૦ |
| ગાજર | ૩૦૦ | ૪૦૦ |
| દૂધી | ૧૦૦ | ૨૮૦ |
| કારેલા | ૫૦૦ | ૬૫૦ |
| ગલકા | ૩૨૦ | ૪૬૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૪૦ | ૧૭૦૦ |
| વાલોળ | ૪૫૦ | ૭૪૦ |
| વટાણા | ૭૪૦ | ૮૪૦ |
| ચોળા લીલાં | ૫૦૦ | ૬૪૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૨૪૦ |
| આમળા | ૬૦૦ | ૭૦૦ |
| તુવેર | ૫૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૮૦૦ | ૮૫૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૧૨૦ | ૨૦૦ |
| મેથીભાજી | ૨૨૦ | ૩૦૦ |
| ફુદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૫૦૦ |
| બીટ | ૨૦૦ | ૫૧૦ |
| વાલ | ૭૦૦ | ૮૦૦ |
| સરગવો | ૮૫૦ | ૧૨૫૦ |
| લીમડો મીઠો | ૩૩૦ | ૩૫૦ |
| મરચા લીલા | ૪૫૦ | ૮૦૦ |
| મરચા લાલ | ૩૦૦ | ૯૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૬૦ |
| ડુંગળી સૂકી | ૧૪૦ | ૪૬૦ |
| લસણ લીલુ | ૧૨૦૦ | ૨૪૦૦ |
| મકાઈ | ૨૪૦ | ૪૦૦ |
| લીંબુ | ૭૦૦ | ૮૦૦ |
| પાલક | ૨૦૦ | ૨૭૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૩૨૧ | ૧૫૧૧ |
| ઘઉં લોકવન | ૬૦૦ | ૬૫૦ |
| ઘઉં ટુકડા | ૬૧૨ | ૬૮૨ |
| મગફળી જીણી | ૭૫૧ | ૧૧૨૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૩૩૧ |
| એરંડા / એરંડી | ૧૧૩૬ | ૧૨૬૧ |
| જીરૂ | ૩૮૦૧ | ૪૪૮૧ |
| ક્લંજી | ૧૭૦૦ | ૩૬૩૧ |
| વરીયાળી | ૮૯૧ | ૯૬૧ |
| ધાણા | ૮૦૧ | ૧૭૦૧ |
| અડદ | ૧૦૧૧ | ૧૬૧૧ |
| મઠ | ૧૦૪૧ | ૧૧૯૧ |
| તુવેર | ૧૧૧૧ | ૧૮૫૧ |
| રાયડો | ૯૩૧ | ૯૩૧ |
| મેથી | ૫૩૧ | ૧૦૧૧ |
| કાંગ | ૩૦૦ | ૧૧૯૧ |
| મગફળી જાડી | ૬૧૧ | ૧૧૯૬ |
| સફેદ ચણા | ૧૧૦૦ | ૨૫૦૧ |
| તલ - તલી | ૧૭૦૧ | ૨૪૮૧ |
| ઇસબગુલ | ૧૮૫૧ | ૧૮૫૧ |
| ધાણી | ૯૦૧ | ૧૬૮૧ |
| ડુંગળી સફેદ | ૨૧૧ | ૩૮૧ |
| બાજરો | ૪૪૧ | ૫૧૧ |
| જુવાર | ૬૧૧ | ૯૧૧ |
| મગ | ૧૨૧૧ | ૧૮૧૧ |
| ચણા | ૧૦૫૧ | ૧૨૪૬ |
| વાલ | ૭૨૧ | ૧૦૭૧ |
| ચોળા / ચોળી | ૮૨૧ | ૧૮૭૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૩૧ |
| ગોગળી | ૭૮૧ | ૯૫૧ |
| **ગોંડલ(શાકભાજી)** | | |
| ટમેટા | ૧૦૦ | ૨૦૦ |
| મરચા | ૩૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૪૦ | ૧૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૩૦૦ |
| કાકડી | ૨૦૦ | ૭૦૦ |
| રીંગણા | ૪૦ | ૨૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૪૦૦ |
| ગાજર | ૧૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૪૦૦ | ૮૦૦ |
| તુવેર | ૩૦૦ | ૬૦૦ |
| વાલ | ૩૦૦ | ૭૦૦ |
| વટાણા | ૪૦૦ | ૮૦૦ |
| શક્કરીયા | ૬૦૦ | ૮૦૦ |
| બટેટા | ૩૪૦ | ૫૬૦ |
| અંબાળા | ૭૦૦ | ૯૦૦ |
| લીલી હળદર | ૬૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૧૫ |
| કોથમીર પુરા | ૧૦ | ૧૫ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| ફોદીનો પુરા | ૫ | ૧૦ |
| શેરડી | ૮૦ | ૧૨૦ |
| કાચા કેળા | ૫૦૦ | ૬૦૦ |
| ચૂરણ | ૮૦૦ | ૧૨૦૦ |
| ગુંદા | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૭૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૦ |
| બીટ પુરા | ૧૫ | ૨૦ |
| સરગવો પુરા | ૨૫ | ૩૫ |
| ચોરા | ૩૦૦ | ૮૦૦ |
| કારેલા | ૪૦૦ | ૯૦૦ |
| વાલોર | ૧૦૦ | ૨૦૦ |
| આદુ | ૫૦૦ | ૧૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૪૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૨૫ | ૪૦ |
| પાલક પુરા | ૪ | ૧૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૬૮ | ૧૧૦૦ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૫૦ |
| તલ સફેદ | ૧૯૩૦ | ૨૩૦૦ |
| જીરૂ | ૪૦૭૫ | ૪૪૪૫ |
| કપાસ | ૧૩૫૦ | ૧૪૯૦ |
| ઘઉં લોકવન | ૫૭૦ | ૬૭૩ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૯૨ |
| બાજરો | ૬૫૦ | ૭૨૧ |
| અડદ | ૧૧૫૦ | ૧૫૫૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૫૦૧ |
| એરંડી | ૧૧૨૫ | ૧૧૭૧ |
| સોયાબીન | ૭૮૦ | ૭૯૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૩૫ | ૧૫૧૫ |
| કપાસ મીડીયમ | ૧૨૩૦ | ૧૩૧૫ |
| મગફળી ૨૦નં. | ૧૦૭૫ | ૧૧૩૫ |
| મગફળી બી.ટી. | ૯૮૫ | ૧૦૬૫ |
| અડદ | ૧૧૮૦ | ૧૨૪૦ |
| ઘઉં | ૫૨૬ | ૬૩૪ |
| તલસફેદ | ૨૦૪૦ | ૨૧૧૦ |
| જીરૂ | ૩૯૨૫ | ૪૩૨૫ |
| સોયાબીન | ૭૭૧ | ૭૮૯ |
| ચણા | ૧૧૮૫ | ૧૨૨૫ |
| તુવેર | ૧૨૭૦ | ૧૪૬૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૫૩૪ |
| ઘઉં લોકવન | ૫૫૩ | ૬૩૪ |
| ઘઉં ટુકડા | ૫૮૬ | ૬૨૬ |
| સોયાબીન | ૫૦૦ | ૮૦૨ |
| મગફળી | ૬૦૦ | ૧૦૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૩૫૦ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૨૦૦ |
| ધાણા | ૧૩૯૦ | ૧૪૨૦ |
| ચણા સફેદ | ૧૧૮૦ | ૧૧૮૦ |
| અડદ | ૧૨૮૫ | ૧૩૫૦ |
| શીંગદાણા | ૧૧૧૫ | ૧૧૮૦ |
| જુવાર | ૫૫૩ | ૫૫૩ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૩૦ | ૯૮૪ |
| તલ સફેદ | ૨૧૫૦ | ૨૩૯૦ |
| તલ પીળા | ૨૭૦૦ | ૨૯૦૧ |
| કપાસ | ૧૨૮૬ | ૧૪૯૫ |
| બાજરો | ૪૭૦ | ૬૨૧ |
| ઘઉં ટુકડા | ૫૪૫ | ૬૫૬ |
| જુવાર | ૭૦૦ | ૯૨૦ |
| મગ | ૨૨૫૦ | ૨૩૫૧ |
| અડદ | ૭૦૧ | ૧૬૭૫ |
| તુવેશ | ૧૩૫૧ | ૧૩૫૧ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ધાણા | ૧૪૧૦ | ૧૪૧૦ |
| મેથી | ૮૦૦ | ૮૦૦ |
| સોયાબીન | ૬૨૫ | ૭૯૩ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૧૪ |
| મગફળી | ૮૬૦ | ૧૦૭૫ |
| ઘઉં | ૫૯૨ | ૬૦૨ |
| ચણા | ૧૧૮૦ | ૧૨૦૦ |
| ધાણા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| શીંગદાણા | ૧૦૫૧ | ૧૧૮૦ |
| સોયાબીન | ૬૦૦ | ૭૯૫ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૧૧ | ૧૫૧૨ |
| મગફળી | ૧૦૨૦ | ૧૧૫૨ |
| તલ કાળા | ૪૬૫૧ | ૪૬૫૧ |
| જુવાર | ૪૦૦ | ૬૬૨ |
| સોયાબીન | ૭૪૧ | ૭૬૦ |
| તુવેર | ૧૪૧૧ | ૧૪૯૯ |
| અડદ | ૯૦૦ | ૧૨૫૧ |
| ઘઉં | ૫૮૦ | ૫૮૦ |
| મકાઈ | ૪૦૧ | ૫૭૧ |
| જીરૂ | ૩૯૫૦ | ૪૨૦૦ |
| **જામનગર** | | |
| બાજરો | ૪૭૦ | ૫૫૫ |
| ઘઉં | ૫૫૦ | ૬૩૭ |
| અડદ | ૧૪૦૦ | ૧૬૩૫ |
| મઠ | ૫૦૦ | ૭૦૫ |
| વાલ | ૯૫૦ | ૧૪૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૪૭ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૧૯૧૦ |
| મગફળ જીણી | ૯૦૦ | ૧૩૦૦ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૧૦૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૨૧ |
| રાયડો | ૧૦૦૦ | ૧૦૮૫ |
| લસણ | ૧૭૦૦ | ૩૫૦૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૪૪૦ |
| અજમો | ૧૮૪૦ | ૫૨૭૫ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૫૧૦ |
| મરચા સુકા | ૫૦૦ | ૨૬૪૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૦૫ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૧૫૦ | ૧૫૨૫ |
| કપાસ સીગ્રેડ | ૬૦૦ | ૬૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૪૧ |
| ઘઉં | ૫૦૦ | ૬૨૬ |
| ચણા | ૮૫૧ | ૧૧૮૬ |
| અડદ | ૧૦૫૧ | ૧૪૫૧ |
| મગફળી | ૭૦૦ | ૧૦૭૧ |
| શીંગફાડા | ૮૫૧ | ૧૧૫૬ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૩૨૬ |
| જીરૂ | ૩૫૦૧ | ૪૩૫૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૫૩૬ |
| સોયાબીન | ૬૦૧ | ૮૧૬ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૫૪ | ૧૧૫૦ |
| મગફળી ૩૨ નં. | ૯૧૮ | ૧૦૫૭ |
| બાજરી હાઈબ્રીડ | ૪૮૦ | ૬૨૦ |
| ઘઉં | ૫૪૦ | ૬૫૭ |
| જુવાર | ૬૦૦ | ૮૮૨ |
| અડદ | ૧૨૦૦ | ૧૫૮૦ |
| ચણા | ૧૧૧૦ | ૧૨૧૧ |
| સફેદ તલ | ૨૦૫ | ૨૩૦૦ |
| સોયાબીન | ૭૬૫ | ૮૨૮ |
| કપાસ | ૧૩૫૦ | ૧૪૯૦ |
| જા.તલ | ૨૬૫૦ | ૨૯૨૫ |

## શબ્દ સંજોગ-૧૯૩૧



**આડી ચાવી :**
(૧) સાંકડી પટ્ટીના આકારનું રાજય (૩)
(૩) કાયદો જાણનાર પુરુષ (૩)
(૬) તાલનું આરંભસ્થાન (૨)
(૭) સાવચેતી, કાળજી (૨)
(૮) પૃથ્વી, જમીન (૩)
(૯) ચામડીનો એક રોગ (૩)
(૧૧) સુરતનું જમણને કાશીનું.... (૩)
(૧૩) ઠીંગણો (૩)
(૧૫) બરફ (૨)
(૧૬) સાધુ પુરુષ (૨)
(૧૭) પંચાતિયો (૩)
(૨૦) જનમારો, જિંદગી (૩)
(૨૨) એક ગુજરાતી માસ (૨)
(૨૪) ઉતાવળ, ઝડપ (૨)
(૨૬) રાજસ્થાનનો એક પ્રદેશ (અ) (૩)
(૨૮) શરીરનો એક અવયવ (૨)
(૨૯) રેશમ તથા સૂતરનું ઘણા રંગના પટાવાળુ કપડુ (૩)
(૩૦) હોમ, યજ્ઞ (૩)

**ઉભી ચાવી :**
(૧) કેરીની એક જાત (૩)
(૨) રમતા રમતા સધાય એવુ તે (૫)
(૩) વડોદરા અને ભરૂચ વચ્ચેનો પ્રદેશ (૩)
(૪) ગાયોનું ટોળુ (૩)
(૫) ચણોઠી જેટલુ કદ કે વજન (૨)
(૧૦) અધમ, નીચ (૨)
(૧૨) પહોંચ, પાવતી (૩)
(૧૪) એક જાતનું નેતર (૨)
(૧૫) યજ્ઞ કરવો તે (૩)
(૧૬) સંગતિ, સોબત (૩)
(૧૮) ઘર બાંધવાની જગા (૨)
(૧૯) વિષ્ણુનો એક અવતાર (૨)
(૨૦) સાંપની કાંચળી (૨)
(૨૧) કસરત માટેનો લાકડાનો લીસો થાંભલો (૪)
(૨૩) બાંધો, કાઠું (૨)
(૨૪) ....માતા ચ પિતા...... (૩)
(૨૫) લગામ, અછોડો (૨)
(૨૭) અરે....! (૨)

## શબ્દ સંજોગ-૧૯૩૦ જવાબ

**આડી ચાવી:** (૧) અભિમાન (૩) અસંયમ (૬) ઈશ્ક (૭) થાન (૮) યનમવ (૧૦) જરખ (૧૨) ભાન (૧૩) મદાર (૧૫) ભોર (૧૬) જણવ (૧૭) ચવ (૧૮) પેચ (૧૯) નાથ (૨૧) તવી (૨૩) નાચ (૨૪) થડક (૨૬) જનન (૨૮) કરમળી (૨૯) મજલો.

**ઉભી ચાવી:** (૧) અસ્તેય (૨) માનવ (૩) અશ્કર (૪) યથા (૫) મનફેર (૬) ઈજન (૯) નસ્તર (૧૧) ખમણ (૧૨) ભાગવત (૧૪) દાવપેચ (૧૫) ભોળાનાથ (૧૬) જરા (૨૦) થડક (૨૨) વીજળી (૨૩) નાનમ (૨૫) કર (૨૭) ભાલો.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# કરુણા અભિયાન : ઘાયલ પશુ-પક્ષીઓની સારવાર માટે સરકારની માનવતાપૂર્ણ પહેલ

**૧૦ થી ૨૦ જાન્યુઆરી દરમિયાન રાજ્યવ્યાપી કરુણા અભિયાન-૨૦૨૫: વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાની જાહેરાત**

અમદાવાદ, તા.૦૯

ઉત્તરાયણના તહેવાર દરમિયાન પતંગની દોરીથી ઘાયલ થતા અબોલ પશુ-પક્ષીઓની સારવાર માટે ગુજરાત સરકાર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ 'કરુણા અભિયાન' શરૂ કરવામાં આવ્યું છે. વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ ગાંધીનગર ખાતેથી આ અભિયાનની જાહેરાત કરી હતી. આ અભિયાન ૧૦ થી ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન ચાલશે. ઉત્તરાયણના તહેવારમાં પતંગ ચગાવવાની સાથે સાથે પશુ-પક્ષીઓની સુરક્ષાનું પણ ધ્યાન રાખવું જરૂરી છે. ઘણીવાર પતંગની દોરીથી પક્ષીઓ ઘાયલ



થાય છે, અને તહેવારને કારણે લોકો દ્વારા પશુઓને ખવડાવવામાં આવતા ખોરાકથી તેમને આફરો કે પોઈઝનિંગ થવાની શક્યતા રહે છે. આથી, આવા પશુ-પક્ષીઓની તાત્કાલિક સારવાર માટે સરકાર દ્વારા કરુણા અભિયાન ચલાવવામાં આવે છે. મંત્રીએ સૌને ઉત્તરાયણની શુભકામનાઓ પાઠવી હતી અને સવારે અને સાંજે પક્ષીઓ ખોરાકની શોધમાં હોય ત્યારે પતંગ ન ચગાવવાની અપીલ કરી હતી. તેમણે ગેરકાયદેસર ચાઈનીઝ દોરીનો ઉપયોગ ન કરવા પર પણ ભાર મૂક્યો હતો.

# અમરેલીના શૂટર રાજપરા આકાશે રાષ્ટ્રીય સ્તરે મેળવી ઉજ્જવળ સિદ્ધિ

અમરેલી, તા.૦૯

અમરેલીના એસ.એચ. ગજેરા કેમ્પસના સ્પોર્ટ્સ સ્કૂલના વિદ્યાર્થી રાજપરા આકાશે દિલ્હી ખાતે યોજાયેલી ૬૭મી રાષ્ટ્રીય શૂટિંગ ચેમ્પિયનશિપમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી અમરેલી જિલ્લાનું નામ રોશન કર્યું છે. ડો.કરણી સિંગ શૂટિંગ રેન્જ ખાતે ૩૦ ડિસેમ્બરે યોજાયેલી આ સ્પર્ધામાં દેશભરના રમતવીરોએ ભાગ



લીધો હતો. રાજપરા આકાશે ૧૦ મીટર એર પિસ્તોલ સબ-યુથ મેન કેટેગરીમાં ૬૦૦માંથી ૫૪૭ પોઈન્ટ મેળવી શાનદાર પ્રદર્શન કર્યું હતું. આ સિદ્ધિ સાથે તે ટીમ ઈન્ડિયા સિલેક્શન ટ્રાયલ માટે ક્વોલિફાય થયો છે. શાંતાબેન હરિભાઈ ગજેરા જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલના આ ખેલાડીની સફળતા પાછળ કોચ પૂલકિતાબેન નિમ્બાવાલ અને ટ્રેનર સાવનભાઈ દેસાઈનું માર્ગદર્શન રહ્યું છે. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી સહિત સમગ્ર સંસ્થા પરિવારે આ સિદ્ધિ બદલ ખેલાડી અને તેના કોચિંગ સ્ટાફને અભિનંદન પાઠવ્યા છે.

# સાવરકુંડલામાંથી અજાણ્યો ઈસમ યુવતીનો મોબાઈલ ચોરીને ફરાર

**યુવતી નોકરી પૂર્ણ કરીને ઘરે જઈ રહી હતી ત્યારે આ ઘટના બની**

સાવરકુંડલા, તા.૦૯

સાવરકુંડલામાંથી એક યુવતીનો મોબાઈલ પડી જતાં અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે હેપ્પીબેન રમેશભાઈ જાદવ (ઉ.વ.૨૪)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ કાનાતળાવથી નોકરી પૂર્ણ કરી સાવરકુંડલા ખોડીયાર પાર્કમાં જવા માટે હોમગાર્ડ કચેરીથી ગઢીયા પેટ્રોલપંપ સુધી પહોંચતા રસ્તામાં મોબાઈલ ફોન પડી ગયો હતો જેની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કિરણભાઈ બકુલભાઈ ગઢવી વધુ તપાસ કરી રહ્યા છે.

# કોડીનાર-ઊના હાઈવે પર BMW ના ચાલકે બાઈક સવારને ઉડાવ્યો

**કારની ઠોકર લાગતા બાઈક ૧૦૦ મીટર સુધી ઢસડાયું**

કોડીનાર તા.૦૯

કોડીનાર- ઊના હાઈવે પર ઉના તરફથી આવતી બી.એમ. ડબલ્યુ લક્ઝરી કાર નં GJ ૧૮ E B ૭૪૩૧ના ચાલકે બાઈકને



તસ્વીર : કુલદીપ પાઠક

ઠોકર મારી હતી. જેમાં બાઈક ચાલકનું મોત થયું હતું. આ સ્થળ પર દેવળી ગામનો રસ્તો હાઈવેને જોડતો હોય ત્યાંથી દેવળી ગામના મસરીભાઈ સીદીભાઈ મોરી (ઉ.૭૦) બાઈક પર જઈ રહ્યા હતા અને કારની ઠોકર લાગતા બાઈક ૧૦૦ મીટર સુધી ઢસડાયું હતું અને બાઈક ચાલકને ૧૦૮ દ્વારા રા.ના.વાળા હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા ત્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. આ બનાવને લઈ મૃતકના પુત્ર પ્રદિપભાઈએ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની ધોરણસરની તપાસ હાથ ધરી હતી.

# બગસરામાં સમસ્ત રઘુવંશી પરિવાર દ્વારા રવિવારે રામચરિત માનસના અખંડ પાઠ યોજાશે

બગસરા, તા.૦૯

બગસરામાં સમસ્ત રઘુવંશી પરિવાર દ્વારા સંગીતમય શૈલીમાં શ્રી તુલસીકૃત રામચરિત માનસ અખંડ પાઠ ૧૨ જાન્યુઆરીએ લોહાણા મહાજન વાડી ખાતે યોજાશે. લોહાણા મહાજન-બગસરા અને અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેનાના સાનિધ્યમાં શ્રી રામચરિત માનસના પાઠનો પ્રારંભ સવારે ૮ કલાકે થશે તેમજ બપોરે ૧૨ કલાકે રામ જન્મોત્સવ ઉજવાશે. ત્યારબાદ જ્ઞાતિ ભોજન થશે. જેના દાતા સુરેશભાઈ માધવજીભાઈ રાયઠઠ્ઠા, મીનાબેન સુરેશભાઈ રાયઠઠ્ઠા તેમજ દિવ્યેનભાઈ વસંતભાઈ રાયઠઠ્ઠા, ગં.સ્વ. ભાનુબેન વસંતભાઈ રાયઠઠ્ઠા છે. રાત્રિના જ્ઞાતિ ભોજનના દાતા સ્વ. મુકુંદરાય હરિલાલ ખીમાણી હ. હસુભાઈ, મનીષભાઈ, કપિલભાઈ ખીમાણી પરિવાર છે. પાઠ દરમ્યાન ચા-પાણી નાસ્તાના દાતા સ્વ.સુરેશભાઈ નંદલાલભાઈ તન્ના પરિવાર છે. આ અખંડ પાઠમાં ધર્મપ્રેમી જનતાને ભાવભર્યું આમંત્રણ છે.

# બોટાદ જિલ્લાનાં ચકચારી મર્ડર કેસમાં સ્પેશ્યલ પી.પી. તરીકે ઉદયન ત્રિવેદીની નિમણૂંક

**અગાઉનાં કિસ્સાઓમાં આરોપીઓને સજા કરાવેલ હોય સરકાર દ્વારા સ્પેશ્યલ નિયુક્તિ**

બોટાદ, તા.૦૯

બોટાદ જિલ્લાનાં પાળીયાદ તાલુકામાં કાઠી સમાજનાં જીલુભાઈ ખાચર પર જીવલેણ હુમલો કરી હત્યાનાં કેસમાં ગુજરાત સરકારનાં લીગલ ડિપાર્ટમેન્ટએ એડવોકેટ



ઉદયનભાઈ ત્રિવેદીની સ્પેશ્યલ પી.પી. તરીકે વરણી કરી છે. આ કેસની વિગતમાં જીલુભાઈ ખાચર અને તેમના દીકરા રામકુભાઈ ખાચર મોટર સાયકલ લઈને જઈ રહ્યા હોય ત્યારે રાજુભાઈ ખાચર સહિત ૬ આરોપીઓએ હુમલો કરી પ્રાણઘાતક ઈજા પહોંચાડેલ તેમાં જીલુભાઈ ખાચરનું મૃત્યુ થયેલ હોય આ ઘટના સમગ્ર બોટાદ પંથકમાં તથા સૌરાષ્ટ્રમાં કાઠી સમાજમાં ચર્ચાસ્પદ બની હતી. સરકારે બનાવની ગંભીરતાને ધ્યાને લઈ બાહોશ વકીલ ઉદયનભાઈ ત્રિવેદીની સ્પેશ્યલ પી.પી.તરીકે નિમણૂંક કરી છે.

# ઉના તાલુકામાં સિંહ અને દીપડાનો આતંક : બે મહિલાઓને ઘાયલ કર્યા

ઉના, તા.૦૯

ઉના તાલુકામાં વન્યપ્રાણીઓનાં હુમલાઓનાં કારણે લોકો ભયભીત છે. ત્યારે ગરાડ ગામે ભાણીબેન ભાલીયા ઘરે સુતા હતા ત્યારે



અચાનક દીપડાએ તેમના પર હુમલો કરી દીધો હતો. ઈજાગ્રસ્ત વૃદ્ધાને સારવાર અર્થે તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડાયા હતા. બીજા એક બનાવમાં એલમપુર ગામની મીણાબેન સોલંકી નામની મહિલા વહેલી સવારે વાડીએ જઈ રહ્યા હતા તે દરમિયાન અચાનક સિંહે હુમલો કરતાં તેઓને પણ સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા છે.

# બગસરા નગરપાલિકા દ્વારા નોટીસ પાઠવવામાં આવતા વેપારીઓએ સ્વેચ્છાએ દબાણ દૂર કર્યા

**વેપારીઓએ જાતે જ દબાણ હટાવતા રસ્તાઓ ખુલ્લા થયા**

બગસરા, તા.૦૯

બગસરા શહેરનાં બાયપાસ વિસ્તાર તેમજ જેતપુર રોડ પર દબાણ દૂર કરવાની કામગીરી તંત્ર દ્વારા કરાયા બાદ શહેરી વિસ્તારનાં મુખ્ય માર્ગો પર દબાણ દૂર કરવા ભુતનાથ મંદિરથી હુડકો વિસ્તાર સુધીનાં



૩૨ વેપારીઓને નગરપાલિકા દ્વારા નોટીસ આપવામાં આવી હતી. જેનાં કારણે વેપારીઓએ આજથી જાતે જ દબાણ દૂર કરવાનું શરૂ કરતા મુખ્ય માર્ગ ખુલ્લો થયો હતો. જેનાં કારણે રાહદારીઓએ પણ રાહતનો શ્વાસ લીધો છે.

# કોડીનારની સેવાભાવી સંસ્થાએ પરપ્રાંતીય વૃદ્ધ ભિક્ષુકના અંતિમ સંસ્કાર કર્યા

કોડીનાર, તા.૦૯

ગીર સોમનાથ જિલ્લાનાં કોડીનાર શહેરની બે સેવાભાવી સસ્થા છેલ્લા ઘણા વર્ષોથી બિનવારસી લાશોના અંતિમ સંસ્કાર તેમજ વિનામૂલ્યે સમૂહલગ્ન પણ કરે છે. કોડીનારના જીન વિસ્તારના સરગમ ચોકે એક વૃદ્ધ છેલ્લા પાંચ વર્ષથી ભિક્ષા માંગીને રહેતા હતા. તેઓ ઓચિંતા



બીમાર પડતા ૧૦૮ દ્વારા રમેશભાઈ બજાજ સરકારી દવાખાને લઈ ગયા હતા ત્યાં ટૂંકી સારવાર બાદ અંતિમ શ્વાસ લીધો હતો. તારીખ ૨૮/૧૨/૨૦૨૪ થી તારીખ ૧/૧/૨૦૨૫ એટલે કે પાંચ દિવસ સુધી કોડીનાર પોલીસ ટાઉન જમાદાર અરવિંદ જાની, પોલીસ કોન્સ્ટેબલ ભગવાન રાઠોડ, ભીખુ શાહે મહારાષ્ટ્ર સુધી તપાસ કરતા વાલી-વારસદાર ન મળતાં અંતે કોડીનારની સિંધી ગુરુનાનક મંડળ હરિૐ સેવા ટ્રસ્ટ રમેશ બજાજ જે.કે. મેરએ અંતિમ સંસ્કાર કર્યા હતા.

# રાજુલામાં મુખ્યમંત્રી આવ્યા અને સ્પીડ બ્રેકર ગાયબ : અકસ્માતોનું જોખમ વધ્યું

રાજુલા, તા.૦૯

રાજુલા શહેરમાં વાહન અકસ્માતોની વધતી જતી ઘટનાઓએ નાગરિકોની ચિંતા વધારી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના કાર્યક્રમ દરમિયાન હટાવવામાં આવેલા શહેરના મહત્વના સ્પીડબ્રેકર્સ હજુ સુધી પુનઃસ્થાપિત ન થતાં અનેક અકસ્માતો સર્જાઈ રહ્યા છે. અગાઉ રાજુલા શહેરના વિવિધ વિસ્તારોમાં, જેમાં હોસ્પિટલ ચોક, માર્કેટિંગ યાર્ડ, એસટી બસ સ્ટેન્ડ અને જલારામ લોહાણા મહાજન વાડી, કોહિનૂર હોટલ સહિતની અનેક જગ્યાઓએ સ્પીડબ્રેકર બનાવવામાં આવ્યા હતા. પરંતુ થોડા સમય પહેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની રાજુલા મુલાકાત દરમિયાન તેમના કાફલાને અડચણરૂપ ન થાય તે માટે આ



તસવીર : ગોપાલ રાઠોડ

તમામ સ્પીડબ્રેકર દૂર કરવામાં આવ્યા હતા. સ્પીડબ્રેકર્સની ગેરહાજરીમાં ખાસ કરીને એસટી બસ સ્ટેન્ડ અને હોસ્પિટલ ચોક નજીક વારંવાર અકસ્માતો સર્જાઈ રહ્યા છે, જેમાં અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ સ્થિતિએ શહેરીજનોમાં ચિંતા અને રોષની લાગણી જન્માવી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ રાજુલા શહેરની ખાનગી શાળાઓના સંચાલકોએ ધારાસભ્ય હીરાભાઈ સોલંકીને શાળાઓ પાસે સ્પીડબ્રેકર મૂકવાની રજૂઆત કરી હતી.

# સૌરાષ્ટ્ર યુનિ.ની B.Sc.(Basic)સેમ.-IIની પરીક્ષામાં ભગત સાયન્સ મહિલા કોલેજની ઝળહળતી સફળતા



અમરેલી, તા.૦૯

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં લેવાયેલી B.Sc.(Basic)સેમ.-IIની પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર થયું હતું. જેમાં ગજેરા કેમ્પસની શ્રીમતી યુ.બી. ભગત સાયન્સ મહિલા કોલેજનું પરિણામ ૧૦૦ ટકા ફર્સ્ટક્લાસ આવ્યું છે. જેમાં પરમાર પૂર્વિતા એન. ૮૪.૧૮ ટકા સાથે પ્રથમ, મોરાસીયા આનંદી આર. ૭૯.૪૫ ટકા સાથે દ્વિતીય અને માથુકિયા ઉર્વશી આર. ૭૬.૧૮ ટકા સાથે તૃતીય ક્રમ મેળવેલ છે. પરીક્ષામાં સફળતા મેળવનાર તમામ રેન્કર અને વિદ્યાર્થીઓને સંકુલ પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવેલ છે.

# રાજુલામાં 'કાગ સ્મૃતિ' લોકસાહિત્ય કાર્યક્રમ યોજાયો

રાજુલા, તા.૦૯

રાજુલા ખાતે સૌરભ સાહિત્ય સંસ્થાન દ્વારા તારીખ ૫ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ 'કાગ સ્મૃતિ' શીર્ષક હેઠળ લોકસાહિત્ય અને સંતવાણીનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. જાણીતા કવિ શશિભાઈ રાજ્યગુરુ 'હેમાળી' દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં કાગ બાપુ પરિવારના બાબુભાઈ કાગ અને જયદેવભાઈ કાગની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. વિશ્વ હિન્દુ પરિષદ અમરેલીના જિલ્લા પ્રમુખ ઈતેષભાઈ મહેતા અને લોકસાહિત્ય સેતુ અમરેલીના પ્રમુખ મહેન્દ્રભાઈ જોષીની નિશ્રામાં



તસવીર : ગોપાલ રાઠોડ

યોજાયેલા કાર્યક્રમની શરૂઆત હનુમાન ચાલીસાના પાઠથી થઈ હતી. કાર્યક્રમમાં સુરેશભાઈ વરૂ, શૈલેષભાઈ વાઘેલા, જોરુભાઈ ગોવાળીયા અને જોરુભાઈ ધાખડાએ કવિ કાગના જીવન અને રચનાઓની રજૂઆત કરી હતી. ભજન અને સંતવાણીની પ્રસ્તુતિમાં ભાવદાસ ગોંડલીયા, કિરીટગીરી ગૌસ્વામી, સંજયભાઈ પંડ્યા અને મુકેશભાઈ ત્રિવેદીએ શ્રોતાઓને ભાવવિભોર કર્યા હતા. જાગૃતિબેન રાજ્યગુરુના માર્ગદર્શન હેઠળ બાળ કલાકારોએ લગ્નગીત અને ભજનોની સુંદર પ્રસ્તુતિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન GTPL 'દેવવાણી' કાર્યક્રમના કલાકાર ધમભા બારોટે કર્યું હતું. કાર્યક્રમમાં નાગરિક બેંકના ચેરમેન મહેન્દ્રભાઈ ધાખડા સહિત અનેક આગેવાનો, સામાજિક અગ્રણીઓ અને કલાકારોએ હાજરી આપી હતી. અમદાવાદ, સુરત અને મુંબઈથી પણ અનેક મહાનુભાવોએ ટેલિફોનિક શુભેચ્છાઓ પાઠવી હતી. લુહાર-સુથાર વાડી ખાતે યોજાયેલા આ કાર્યક્રમને સફળ બનાવવા સંદીપભાઈ જોષી અને હરેશભાઈ તેરૈયાએ જહેમત ઉઠાવી હતી.


**-// એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી //-**

અપીલ રજી.નં.૧૫૪/૨૦૨૪

**અરજદાર :-** શ્રી ડાયાભાઈ મોહનભાઈ ગજેરા
રહે. શેડુભાર, તા. જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.શેડુભાર, તા.જિ.અમરેલી

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના શેડુભાર ગામમાં ડાયાભાઈ મોહનભાઈ ગજેરા તેઓના પુત્ર ગોરધનભાઈ ડાયાભાઈ ગજેરાની જન્મ તા.૦૧/૦૬/૧૯૬૮ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૩૧/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

# દુનિયાના સૌથી શક્તિશાળી પાસપોર્ટના રેન્ક જાહેર : ભારત ૮૫માં સ્થાન પર

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૯



વર્ષ ૨૦૨૫ના પ્રથમ છ મહિના માટે વિશ્વના સૌથી શક્તિશાળી પાસપોર્ટની રેન્કિંગ જાહેર કરવામાં આવી છે. તે પ્રતિષ્ઠિત સંસ્થા હેનલી એન્ડ પાર્ટનર્સ દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે. આ ઈન્ડેક્સ પાસપોર્ટને તે પાસપોર્ટ ધારક કોઈપણ પૂર્વ વિઝા વિના કેટલા દેશોની મુલાકાત લઈ શકે છે તેના આધારે રેન્ક આપે છે. હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સ અનુસાર, સિંગાપોરનો પાસપોર્ટ વિશ્વમાં સૌથી શક્તિશાળી છે, જે ધારકોને વિશ્વના ૧૯૫ દેશોમાં વિઝા વિના મુસાફરી કરવાની મંજૂરી આપે છે. આ યાદીમાં ભારત અને પાડોશી દેશ પાકિસ્તાનનો પાસપોર્ટ કયા નંબર પર આવે છે તે જોઈએ. પાકિસ્તાન ફરી એકવાર સૌથી નબળા પાસપોર્ટ ધરાવતા દેશોમાં સામેલ થઈ ગયું છે. પાકિસ્તાની પાસપોર્ટ ધરાવતા લોકો વિઝા વિના માત્ર ૩૩ દેશોની મુલાકાત લઈ શકે છે. પાકિસ્તાનના પાસપોર્ટનો નંબર ૧૦૩ છે. ભારતનો પાસપોર્ટ વિશ્વમાં ૮૫મા ક્રમે છે. ભારતીય પાસપોર્ટ પર વિશ્વના ૫૭ દેશોમાં વિઝા ફ્રી ટ્રાવેલ કરી શકાય છે. જો કે ભારતના પાસપોર્ટની રેન્કિંગમાં ગયા વર્ષની સરખામણીમાં ૫ પોઈન્ટનો ઘટાડો થયો છે. સોમાલિયા, નેપાળ, પેલેસ્ટાઈન અને બાંગ્લાદેશ પાકિસ્તાનથી ઉપર છે. સોમાલિયાનો પાસપોર્ટ વિશ્વમાં ૧૦૨મા ક્રમે છે.

# અફઘાનિસ્તાનની મદદ માટે ભારતની તાલિબાન પ્રશાસન સાથે મહત્વપૂર્ણ બેઠક

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૯



વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીએ દુબઈમાં અફઘાનિસ્તાનના કાર્યકારી વિદેશ પ્રધાન મૌલવી અમીર ખાન મુત્તાકી સાથે વાતચીત કરી. વિદેશ મંત્રાલયના નિવેદન અનુસાર, બેઠકમાં અફઘાન પક્ષે ભારતની સુરક્ષા ચિંતાઓ પ્રત્યે પોતાની સંવેદનશીલતા પર ભાર મૂક્યો. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ભારત નજીકના ભવિષ્યમાં માનવતાવાદી સહાય કાર્યક્રમો ઉપરાંત વિકાસ પ્રોજેક્ટ્સમાં સામેલ થવાનું વિચારશે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, 'અફઘાનિસ્તાનને માનવતાવાદી સહાયના હેતુ સહિત, વેપાર અને વાણિજ્યિક પ્રવૃત્તિઓમાં સહયોગ માટે ચાબહાર બંદરના ઉપયોગને પ્રોત્સાહન આપવા પર પણ સંમતિ વ્યક્ત કરવામાં આવી હતી.' અફઘાન પક્ષની વિનંતીના જવાબમાં, ભારતે આરોગ્ય ક્ષેત્ર અને શરણાર્થીઓને રાહતમાં પણ સહયોગ વધાર્યો. પુનર્વસન માટે પ્રથમ તબક્કામાં વધુ સહાય પૂરી પાડશે.

# એન.સી.પી.ની બેઠકમાં શરદ પવારે આરએસએસનાં કાર્યની પ્રસંશા કરી

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૯



મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામો પછી, રાજકીય પક્ષોના નેતાઓના નિવેદનો હજુ પણ આવી રહ્યા છે. રાજ્યમાં એવી પણ અટકળો ચાલી રહી છે કે એનસીપીના બંને જૂથો ભળી શકે છે. આ બધા વચ્ચે, ગુરુવારે, એનસીપી (શરદ ચંદ્ર પવાર) એ નેતાઓ અને અધિકારીઓની એક બેઠકનું આયોજન કર્યું હતું. વાયબી સેન્ટરમાં યોજાયેલી આ બેઠકમાં શરદ પવાર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના ખૂબ વખાણ કરતા જોવા મળ્યા. પાર્ટીના બે દિવસીય રાજ્ય સ્તરીય શિબિરમાં તેમના પક્ષના યુવા મોરચા અને મહિલા મોરચાને સંબોધતા, શરદ પવારે વિધાનસભા ચૂંટણીના પરિણામો વિશે પણ વાત કરી હતી.

# અમરેલી લેટરકાંડ મામલે પરેશ ધાનાણીનાં ધરણા : પોલીસ સામે કાર્યવાહીની માંગ

(એચ.એસ.એલ),અમરેલી,તા.૯




અમરેલી લેટરકાંડ મામલે રાજકારણ હવે ચરમસીમાએ પહોંચી ગયું છે. પાયલ ગોટીને માર મારવાના કેસમાં એસઆઈટીની રચના કરવામાં આવી. પરંતુ એસઆઈટીની તપાસ પર વિશ્વાસ ન હોવાનું કહેવામાં આવ્યું. તો કોંગ્રેસે હવે આ મામલે આંદોલન કરવાનો મૂડ બનાવી લીધો છે. અમરેલીમાં કોંગ્રેસ ધરણાં કરી રહ્યું છે. પૂર્વ વિપક્ષ નેતા ધાનાણી ૨૪ કલાકના ધરણાં પર બેઠા હતા. પોલીસે સાંજે ૭ વાગ્યા સુધીની જ મંજૂરી આપી હતી. તેમની સાથે લલિત વસોયા, લલિત કગથરા સહિતના પૂર્વ ધારાસભ્યો સામેલ થયા હતા. અમરેલી લેટરકાંડમાં પાયલ ગોટીને ન્યાય અપાવવાની માંગ સાથે ગુજરાત કોંગ્રેસ વિરોધ કરી રહ્યું છે. લલિત કગથરાએ પૂર્વ સાંસદ કાછડીયાને પડકાર ફેંકીને જણાવ્યું છે કે નારણ કાછડીયા જાહેરમાં ચર્ચા કરે. પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાએ ૧૦ દિવસનું અલ્ટીમેટમ આપ્યું છે અને આ ઘટનામાં જવાબદાર પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરવા માંગ કરી છે. જો પગલાં નહીં લેવામાં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી છે.

# ખેડૂતો આજે દેશભરમાં વિરોધ પ્રદર્શન કરી પીએમનું પૂતળું બાળશે

(એચ.એસ.એલ),ચંડીગઢ,તા.૯



ખેડૂત નેતા જગજીત સિંહ દલ્લેવાલ હરિયાણા અને પંજાબની ખનૌરી બોર્ડર પર આમરણાંત ઉપવાસ કરી રહ્યા છે. ખેડૂતોએ ૧૦ જાન્યુઆરીએ દેશભરમાં વિરોધ પ્રદર્શન કરવાની યોજના બનાવી છે. આ દરમિયાન ખેડૂતો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પૂતળાનું દહન કરશે. બીજી તરફ ૧૩ જાન્યુઆરીએ લોહરીના દિવસે કેન્દ્રની ભાજપ સરકારની ડ્રાફ્ટ એગ્રીકલ્ચર માર્કેટિંગ પોલિસીની નકલો સળગાવી વિરોધ વ્યક્ત કરવામાં આવશે. આ ઉપરાંત ૨૬ જાન્યુઆરી એટલે કે પ્રજાસત્તાક દિવસના રોજ ખેડૂતો ટ્રેક્ટર માર્ચ કાઢશે. જેની તૈયારી ખેડૂતો દ્વારા શરૂ કરી દેવામાં આવી છે અને વધુમાં વધુ ખેડૂતોને આ આંદોલનમાં ભાગ લેવા જણાવાયું છે.

# દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં કેજરીવાલે જાતિવાદનું કાર્ડ ખેલ્યું

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૯



દિલ્હી વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર થઈ ગઈ છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે તાજેતરમાં ચૂંટણીની તારીખોની જાહેરાત કરી હતી અને આ દરમિયાન તેમણે અનેક પ્રકારના પ્રશ્નોના જવાબ આપ્યા હતા. તમને જણાવી દઈએ કે દિલ્હીમાં ફક્ત એક જ તબક્કામાં ચૂંટણી યોજાશે. દિલ્હીમાં ૫ ફેબ્રુઆરીએ મતદાન થશે. ચૂંટણીના પરિણામો ૮ ફેબ્રુઆરીએ જાહેર કરવામાં આવશે. દરમિયાન, આમ આદમી પાર્ટીના વડા અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે પ્રેસને સંબોધિત કર્યું. પત્રકારોને સંબોધતા અરવિંદ કેજરીવાલે કહ્યું કે નરેન્દ્ર મોદી અને અમિત શાહે દેશ અને દિલ્હી સાથે મોટો વિશ્વાસઘાત કર્યો છે. તેમણે કહ્યું કે દિલ્હીના જાટ સમુદાયને દિલ્હીની કોલેજોમાં અનામત મળતી નથી પરંતુ રાજસ્થાનના જાટ સમુદાયને દિલ્હીની કોલેજોમાં અનામત મળે છે. છેલ્લા ૧૦ વર્ષમાં ચાર વખત, વડાપ્રધાન અને અમિત શાહે દિલ્હીના જાટ સમુદાયને તેમના ઘરે બોલાવ્યા અને ખાતરી આપી કે તેમને કેન્દ્રની ઓબીસી યાદીમાં સામેલ કરાશે.

# ૧૯૭૮માં સંભલમાં થયેલા રમખાણોની તપાસ કરવા યોગી સરકારે આદેશ આપ્યા

(એચ.એસ.એલ),લખનૌ,તા.૯

ઉત્તર પ્રદેશની યોગી સરકાર ૧૯૭૮માં સંભલમાં થયેલા કોમી રમખાણોની તપાસ કરશે. યોગી સરકારે આ અંગે એક આદેશ પણ જારી કર્યો છે. આ અંગે ગૃહ વિભાગના નાયબ સચિવ અને માનવ અધિકાર આયોગના એસપીએ સંભલ પ્રશાસનને પત્ર મોકલીને એક અઠવાડિયામાં રિપોર્ટ માંગ્યો છે. સરકારની સૂચના પર, સંભલના એએસપી ઉત્તરને તપાસ અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. સરકાર દ્વારા કહેવામાં આવ્યું છે કે નામાંકિત તપાસ અધિકારી એક અઠવાડિયામાં પોતાનો રિપોર્ટ તૈયાર કરશે અને સરકારને મોકલશે. યોગી સરકારે ૪૬ વર્ષ પછી ૧૯૭૮ના સંભલ રમખાણોની તપાસના આદેશ આપ્યા છે. યુપી ગૃહ વિભાગના નાયબ સચિવ અને માનવ અધિકાર આયોગના એસપીએ સંભલના ડીએમ અને એસપીને પત્ર મોકલીને એક અઠવાડિયામાં રિપોર્ટ માંગ્યો છે.

# દીકરીઓને તેમના માતાપિતા પાસેથી શિક્ષણ ખર્ચ મેળવવાનો કાનૂની અધિકાર છે : સુપ્રીમ કોર્ટ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૯



સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે દીકરીને તેના માતાપિતા પાસેથી શિક્ષણ ખર્ચ મેળવવાનો કાયદેસર અધિકાર છે. તેમને (માતાપિતાને) તેમની ક્ષમતા મુજબ જરૂરી ભંડોળ પૂરું પાડવાની ફરજ પડી શકે છે. ન્યાયાધીશ સૂર્યકાંત અને ઉજ્જવલ ભુયાનની બનેલી બેન્ચે આ અવલોકન એક વૈવાહિક વિવાદ કેસમાં કર્યું હતું જેમાં એક અલગ થયેલા દંપતીની પુત્રીએ તેના પિતા દ્વારા તેની માતાને ચૂકવવામાં આવતી કુલ ભરણપોષણના ભાગ રૂપે શિક્ષણ માટે આપવામાં આવેલી રકમને પડકારી હતી. તેમણે ૪૩ લાખ રૂપિયાની રકમ સ્વીકારવાનો ઈનકાર કર્યો. આ દંપતીની પુત્રી આયર્લેન્ડમાં અભ્યાસ કરી રહી છે. બેન્ચે પોતાના આદેશમાં કહ્યું હતું કે, 'પુત્રી હોવાને કારણે, તેણીને તેના માતાપિતા પાસેથી શિક્ષણ ખર્ચ મેળવવાનો અવિભાજ્ય, કાયદેસર રીતે લાગુ પાડી શકાય તેવો અને માન્ય અધિકાર છે.' અમારું માનવું છે કે દીકરીને પોતાનું શિક્ષણ ચાલુ રાખવાનો મૂળભૂત અધિકાર છે અને આ માટે માતાપિતાને તેમના નાણાકીય સંસાધનોની મર્યાદામાં જરૂરી ભંડોળ પૂરું પાડવાની ફરજ પાડી શકાય છે.

# સુરતમાં રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત પ્રવેશ માટે વાલીઓએ બોગસ ડોકયુમેન્ટસ રજૂ કર્યા

સુરત,તા.૯

રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત પ્રવેશ માટે વાલીઓએ વધુ એક ગેરકાયદેસર કીમિયો અપનાવ્યો હોવાની ઘટના સામે આવી છે. આરટીઈમાં પ્રવેશ માટે ગેરરીતિનો સૌથી મોટો પર્દાફાશ થયો છે. સુરતમાં આવકના દાખલામાં છેડછાડ કરવામાં આવી હોવાનો ખુલાસો થતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. વાલીઓએ આરટીઈમાં બાળકોને ખોટી રીતે પ્રવેશ અપાવવા માટે ઓરિજિનલ આવકના દાખલામાં ગોલમાલ કરી આવક ઓછી બતાવવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. સુરતમાં બોગસ આવકના દાખલા સાથે વાલીઓએ અરજી જમા કરાવી છે. જિલ્લા શિક્ષણાધિકારીની ટીમે આ ગોલમાલ પકડી પાડી છે. કહેવાય છે કે ચોર ગમે એટલો હોશિયાર હોય પરંતુ એક ભૂલના કારણે ચોરી પકડાઈ જાય છે, તેમ આવકના દાખલામાં આપેલા QR કોડથી વાલીઓનો ભાંડો ફુટ્યો છે.

# આદિત્ય ઠાકરે દેવેન્દ્ર ફડણવીસને મળતા અનેક ચર્ચાએ જોર પકડ્યું

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૯



મહારાષ્ટ્રના રાજકારણમાં હાલમાં સૌથી ચર્ચાસ્પદ વિષય એ છે કે શું અજિત પવાર અને શરદ પવારના એનસીપી જૂથોનું વિલિનીકરણ થશે ? આ ચર્ચાઓ વચ્ચે, ઉદ્ધવના શિવસેના નેતા આદિત્ય ઠાકરે ફરી એકવાર સીએમ દેવેન્દ્ર ફડણવીસને મળ્યા છે. થોડા દિવસ પહેલા પણ ઉદ્ધવ-આદિત્ય નાગપુરમાં મુખ્યમંત્રીને મળ્યા હતા. ત્યારબાદ, ઉદ્ધવના પક્ષના મુખપત્ર સામનામાં સીએમ ફડણવીસના કાર્યની પ્રશંસા કરવામાં આવી. બેઠક બાદ આદિત્ય ઠાકરેએ મીડિયા સાથે વાત કરી. તેમણે કહ્યું, ×આજે અમે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથે વાત કરી અને તેમને વિનંતી કરી કે અમે લાવેલી 'બધા માટે પાણી' યોજના ફરીથી લાગુ કરે. પાછલી સરકારે આ યોજનાને 'ટકાવી' રાખી હતી. અમે ઈચ્છીએ છીએ કે મુંબઈના દરેક ઘરને પાણી મળે. કામના સંદર્ભમાં મુલાકાતમાં કંઈ ખાસ નથી, પરંતુ પવાર પરિવારમાં ચાલી રહેલ અશાંતિ વચ્ચે આદિત્ય ઠાકરેની મુલાકાત મહત્વપૂર્ણ છે.


# દિલ્હી વિધાનસભાનાં ચૂંટણી ઢંઢેરામાં ભાજપ અનેક મફત સ્કીમની જાહેરાત કરી શકે છે

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૯

દિલ્હી વિધાનસભા ચૂંટણીને લઈ રાજકીય પક્ષો હવે મતદારોને આકર્ષવા એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. નોંધનિય છે કે, દિલ્હીમાં આગામી ૫મી ફેબ્રુઆરીએ મતદાન યોજાનાર છે અને ૮મીએ પરિણામ જાહેર થશે. આ તરફ હવે સમાચાર સામે આવ્યા છે કે, ભાજપ પોતાના ચૂંટણી ઢંઢેરામાં મફત વીજળીની જાહેરાત કરી શકે છે. આ સાથે ભારતીય જનતા પાર્ટી મંદિરો અને ગુરુદ્વારા જેવા ધાર્મિક સ્થળો પર ૫૦૦ યુનિટ સુધી મફત વીજળી આપવાનું પણ આયોજન કરી રહી છે. આવતા મહિને દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. એવા સમાચાર છે કે ભાજપ દિલ્હીના લોકો માટે મફત વીજળીની જાહેરાત કરી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ભાજપ દિલ્હીના લોકો માટે ૩૦૦ યુનિટ સુધી મફત વીજળીની જાહેરાત કરી શકે છે. ભાજપ મહિલાઓ માટે લાડલી બહેના યોજના જેવી વિશેષ યોજનાની પણ જાહેરાત કરી શકે છે.

# મહાકુંભમાં અમિતાભથી લઈને રણબીર સહિતના કલાકારો સંગમમાં ડૂબકી લગાવશે

મુંબઈ,તા.૯



બોલિવૂડ સ્ટાર્સ પણ ખૂબ જ આધ્યાત્મિક હોય છે. તેઓ ઘણીવાર ધાર્મિક તહેવારોમાં હાજરી આપે છે. મોટાભાગના સ્ટાર્સને પોતાના ધાર્મિક ગુરુઓ પણ હોય છે. હવે મહાકુંભ શરૂ થઈ રહ્યો છે. પ્રયાગરાજમાં મહાકુંભ મેળો ચાલી રહ્યો છે. સંગમના કિનારે સંતો અને ભક્તોનો પ્રવાહ પહેલેથી જ જોઈ શકાય છે. વિવિધ અખાડાઓમાંથી સંતો અહીં પહોંચ્યા છે. આવી સ્થિતિમાં, ઘણા બોલિવૂડ સ્ટાર્સને પણ સંગમ શહેરમાં આવવાનું આમંત્રણ મળ્યું છે. ઘણા સ્ટાર્સ એવા છે જેમણે પોતે સંગમ શહેર પહોંચવાનું નક્કી કર્યું છે. સિતારાઓ પણ આધ્યાત્મિકતાના રંગમાં રંગાયેલા હશે અને મહાકુંભમાં સિતારાઓથી ભરપૂર મેળાવડો થશે. આ શુભ પ્રસંગે, ભારતના ઘણા મહાન કલાકારો તેમાં વધુ ગૌરવ ઉમેરવા માટે જોડાશે. સદીના મેગાસ્ટાર અમિતાભ બચ્ચન, આલિયા ભટ્ટ અને રણબીર કપૂર આ વખતે સંગમમાં ડૂબકી લગાવશે. ડ્રામા ક્વીન રાખી સાવંત પણ સ્નાન કરવા માટે સંગમ પહોંચવાની છે. આ વખતે આ સિતારાઓને ગંગા, યમુના અને અદ્રશ્ય સરસ્વતીના સંગમમાં ડૂબકી લગાવવાના વિશેષ મહત્વનો લાભ મળવાનો છે.

# આજે રાજકોટ ખાતે ભારત અને આયર્લેન્ડ મહિલા ક્રિકેટ ટીમ વચ્ચે થશે મુકાબલો

**બંને ટીમોએ ઠંડીમાં પરસેવો પાડ્યો**

રાજકોટ,તા.૯




ભારત અને આયર્લેન્ડ વચ્ચે ૩ મેચની વનડે સિરીઝ આવતીકાલે ૧૦ જાન્યુઆરીને શુક્રવારથી રાજકોટના નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાનાર છે. જેને લઈ આજે સતત ત્રીજા દિવસે બન્ને ટીમો દ્વારા ફાઈનલ પ્રેક્ટિસ કરવામાં આવી હતી. જેમાં બન્ને ટીમના ખેલાડીઓ દ્વારા પ્રથમ વોર્મઅપ કરી બાદમાં ફિલ્ડિંગ, કેચ તેમજ બેટિંગ તથા બોલિંગની પ્રેક્ટિસ કરવામાં આવી હતી. બન્ને ટીમ પ્રથમ વખત આ મેદાનમાં રમવા માટે ઉતરવાની છે. ત્યારે જીત માટે સતત ૩ દિવસ નેટ પ્રેક્ટિસ કરી સામસામે ટકરાશે. ત્યારે હાલમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમ ફોર્મમાં ચાલી રહી છે અને આયર્લેન્ડની ટીમની સરખામણીમાં ભારતીય ટીમના ખેલાડીઓ વધુ અનુભવી હોવાનું માનવામાં આવી રહ્યું છે.

# સપ્તાહમાં ત્રણથી ચાર દિવસ મંત્રીઓ સરકારી કચેરીની સરપ્રાઈઝ મુલાકાત કરે : મુખ્યમંત્રી

રાજકોટ,તા.૦૯

ગુજરાતમાં હવે વિધાનસભાના બજેટ સત્ર બાદ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીઓ યોજાશે તે નિશ્ચિત બન્યા બાદ રાજય સરકારના બજેટમાં પણ તેનું પ્રતિબિંબ પડશે. તે સમયે મુખ્યમંત્રીએ તમામ મંત્રીઓને સપ્તાહમાં ત્રણથી ચાર દિવસ ફિલ્ડમાં રહીને તેમના હેઠળના વિભાગોની સરકારી કચેરીઓની 'સરપ્રાઈઝ' વિઝીટ લઈને તંત્રની કામગીરી સુધરે તે જોવા અને તેમના મંત્રાલયના બજેટ, જે હેતુથી ફાળવણી થઈ છે તે ખાસ જોવા તાકીદ કરી છે. દરેક મંત્રીને પોત-પોતાના વિભાગો હેઠળની કચેરીઓની આકસ્મિક મુલાકાતો લેવાની પણ સૂચના આપી હતી. જેમાં કહેવાયું હતું કે, મંત્રીઓને કોઈપણ કચેરીની આકસ્મિક મુલાકાત દરમિયાન કર્મચારીઓ કે અધિકારીઓની નબળી કામગીરી કે



જો કોઈ ગેરરીતિ સામે આવે તો તેની સામે નિયમાનુસાર કડકમાં કડક કાર્યવાહી કરવા તથા પોત-પોતાના વિભાગની કામગીરી અંગેનો ફીડબેક મેળવીને જરૂર પડયે તેમાં સુધારો કરવા ઉપરાંત દરેક વિભાગોની યોજનાકીય કામગીરી, બાકી રહેતા કામોમાં ઝડપ લાવીને પુરા કરાવવા અંગે પણ મુખ્યમંત્રીએ સૂચના દરેક મંત્રીઓને આપી હતી. તેમણે મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા, તાલુકા કે ગ્રામ પંચાયતોની બાકી રહેલી ચૂંટણીઓ માટે તૈયાર રહેવાની ખાસ તાકીદ કરી હતી.

# અમરેલીમાં ૮.૪ ડિગ્રી સાથે સમગ્ર રાજયમાં હાડ થીજાવતી ઠંડી યથાવત

**ઠંડીને કારણે રાત્રીના સમયે કુદરતી કફર્યુનો માહોલ**

રાજકોટ, તા. ૯

સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાતમાં આજરોજ પણ કાતિલ ઠંડીનું આક્રમણ યથાવત રહેવા પામ્યુ હતું અને હાડ ધ્રુજાવતી ઠંડી જારી રહેવા પામી હતી. દરમ્યાન આજરોજ રાજકોટ સહિત રાજયમાં આઠ સ્થળોએ સિંગલ ડિઝીટમાં તાપમાન નોંધાવા પામ્યુ હતું. આજરોજ સવારે નલિયા ખાતે ૫.૬ ડિગ્રી, રાજકોટમાં ૮.૩, પોરબંદરમાં ૯.૬, અમરેલીમાં ૮.૪,



વડોદરામાં ૯.૨ અને ડિસામાં ૯.૮ અને જામનગરમાં ૯.૫ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાતા લોકો ધ્રુજી ગયા હતા. નીચુ તાપમાન અને બર્ફીલો પવન બંને એક સાથે રહેતા લોકો હિમપર્વત જેવું વાતાવરણ અનુભવી રહ્યા છે. જયારે આજરોજ સવારે અન્ય સ્થળોએ પણ તિવ્ર ઠંડીનો સપાટો યથાવત રહ્યો હતો. આજે સવારે અમદાવાદ ખાતે ૧૨.૮, ભાવનગરમાં ૧૧.૭, ભુજમાં ૧૦.૪, દમણમાં ૧૫, દ્વારકામાં ૧૪.૬, દિવમાં ૧૪.૫, ગાંધીનગરમાં ૯, કંડલામાં ૧૧.૫, ઓખામાં ૧૮.૭, સુરતમાં ૧૬.૪ અને વેરાવળમાં ૧૬.૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યુ હતું.

# રાજકોટ-સુરતમાં પતંગ ચગાવતા બે માસુમોને વીજશોક લાગતા મોત

રાજકોટ,તા.૦૯

રાજકોટના શાપરમાં રહેતા ૧૧ વર્ષિય પુષ્પવીર શર્મા ધાબા પરથી પતંગ લેવા ચઢ્યો હતો. આ દરમિયાન ઈલેક્ટ્રિક સબ સ્ટેશનના પોલ પરથી પતંગ લેવા જતાં વીજ કરંટ લાગ્યો હતો. જેના કારણે તે સ્થળ પર જ ભડથું થયો હતો અને ઘટનાસ્થળે મૃત્યુ નિપજ્યું હતું. મૂળ પશ્ચિમ બંગાળના અલીપુરના રહેવાસી કિશોરનું કમકમાટી ભર્યું મૃત્યુ નિપજતાં પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો.



સુરતની સચીન જીઆઈડીસીમાં પતંગ ચગાવતા બાળકનું વીજશોક લાગતા મૃત્યુ નિપજ્યું હતું. ક્રિષ્ના નગરમાં રહેતા ૧૩ વર્ષીય પ્રિન્સ ધાબા પર પતંગ ચગાવી રહ્યો હતો. આ દરમિયાન હાઈટેન્શન લાઈનમાં પતંગની દોરી અડી

**માસુમોના મોતથી પરિવારમાં કાળો કલ્પાંત**

જતાં ધડાકો થયો હતો. જેમાં બાળક ગંભીર રીતે દાઝી જતા હોસ્પિટલ ખસેડાયો હતો. જો કે, સારવાર દરમિયાન તેનું મૃત્યુ નિપજ્યું હતું. ૧૩ વર્ષીય દીકરાના મૃત્યુથી પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. હાલ આ મામલે પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બીઝેડ કૌભાંડ મામલે ગુજરાત પોલીસ પીડિતોને રૂપિયા પરત અપાવશે

અમદાવાદ,તા.૯

રાજ્યમાં કરોડો રૂપિયાની ઠગાઈ કરનારા કૌભાંડી ભુપેન્દ્રસિંહ ઝાલા પર સીઆઈડીના ઈન્ચાર્જ ડીઆઈજી પરીક્ષિતા રાઠોડએ પીડિતોના રૂપિયા પરત કરવા સખ્ત કાર્યવાહી કરશે તેમ જણાવ્યું હતું. હાલ બીઝેડ કૌભાંડમાં તપાસ કરતા કુલ ૪૫૨ કરોડ રૂપિયાના હિસાબો મળ્યાં છે. મળતી માહિતી મુજબ એક અરજીમાં જણાવવામાં આવ્યું હતું કે, ૬૦૦૦ કરોડ સુધીનું કૌભાંડ કરવામાં આવ્યું છે, જેથી તપાસના આધારે ૪૫૨ કરોડની રિકવરી થઈ છે. ભુપેન્દ્રસિંહ ઝાલાએ જપ્ત કરેલી મિલકતો, રૂપિયા પીડિતોને પરત આપવા કોર્ટ નિર્ણય લેશે. ડીઆઈજીએ જણાવ્યું કે ઝાલાને જૂનાગઢથી ઝડપ્યો હતો. કોને ત્યાં સંતાયો હતો, કયા કયા લોકો સંડોવાયા છે તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે. અત્યારે પોલીસને તપાસ દરમિયાન ભુપેન્દ્રસિંહ ઝાલા પાસેથી મળેલા ચોપડાના આધારે ૧૧,૨૫૨ લોકો ભોગ બન્યા છે. તે ચોપડાની તપાસ કરવામાં આવી રહી છે. જો અન્ય લોકો પણ સામેલ હશે તો તેમના વિરૂદ્ધ પણ કાર્યવાહી કરવામાં આવશે.

**ઉત્તરાયણ પર્વને ગણતરીના દિવસો બાકી છે ત્યારે સરકારને ફટકાર**

# ચાઈનીઝ દોરીના ઉત્પાદકો સામે કડક કાર્યવાહી કરો : હાઈકોર્ટ આકરા પાણીએ

અમદાવાદ, તા.૯

આગામી ૧૪મી જાન્યુઆરીના રોજ પતંગરસિકો ઉત્તરાયણનો તહેવાર ઉજવવા અને વધુને વધુ પેચ કાપવા માટે થનગની રહ્યા છે ત્યારે તેઓ મજબૂત દોરી ખરીદવાનો આગ્રહ રાખતા હોય છે. પતંગરસિકોના શોખને અંકે કરી લેવા ઉત્પાદકો દ્વારા ગેરકાયદેસર રીતે અત્યંત ઘાતક ચાઈનીઝ દોરી અને ગ્લાસ કોટેડ દોરી તૈયાર કરી વેચવામાં આવે છે. જેના કારણે માણસોના આખા ગળા ચિરાઈ જતા મરણ પામે છે



અને મોટી માત્રામાં પક્ષીઓ મરણ પામે છે. ત્યારે હાઈકોર્ટે આજે સરકારને ફટકાર લગાવી હતી. હાઈકોર્ટે કહ્યું હતું કે, તમે આવી દોરી વેચનારા સામે છૂટાછવાયા પગલા તો લીધા છે પરંતુ ઉત્પાદકો સામે તો કોઈ કાર્યવાહી કરી જ નથી.

# વડોદરામાં વિદ્યાર્થિની સ્કૂલ બેગમાં વિદેશી દારૂની બોટલ લઈને આવતા ચકચાર

વડોદરા,તા.૯

વડોદરાની અંબે વિદ્યાલયમાં એક વિદ્યાર્થિનીએ પોતાની સ્કૂલ બેગમાં વિદેશી દારૂની બોટલ લઈને હોબાળો મચાવ્યો હતો. જ્યારે અન્ય વિદ્યાર્થીઓએ તેમના વાલીઓને આ વાતની જાણ કરી ત્યારે રોષ ફેલાઈ ગયો હતો. અહેવાલો અનુસાર, આ ઘટના ૬ જાન્યુઆરીના રોજ બપોરે અંબે વિદ્યાલયના વર્ગખંડમાં બની હતી. જેમાં એક ક્લાસમાં ભણતી એક વિદ્યાર્થિની સ્કૂલ બેગમાં વ્હિસ્કી લઈને આવી હતી અને તે અન્ય ત્રણ વિદ્યાર્થીઓ હવામાં ઉછાળી રહ્યા હતા. બ્રેકનો સમય હોવાથી શિક્ષક કે અન્ય વિદ્યાર્થીઓ હાજર નહોતા. પરંતુ વિદ્યાર્થી અચાનક આવી જતાં બોટલ સ્કૂલ બેગમાં મૂકી દીધી હતી. આ મામલો શાળા પ્રશાસનના ધ્યાનમાં આવ્યા પછી જે વિદ્યાર્થિનીએ તેની સ્કૂલ બેગમાં બોટલ લાવી હતી તેને પરીક્ષા સુધી શાળાએ ન આવવાનું કહેવામાં આવ્યું છે અને અન્ય ત્રણ વિદ્યાર્થીઓના વર્ગો બદલવામાં આવ્યા છે. પરંતુ અન્ય વિદ્યાર્થીઓએ તેમના માતાપિતાને જાણ કરતાં ઘટસ્ફોટ થયો છે. અગાઉ પણ વિદ્યાર્થીઓ અંબે વિદ્યાલયમાં દારૂની બોટલો લઈને આવ્યા હતા. જ્યારે ગુસ્સે ભરાયેલા વાલીઓ તેમને પકડીને શાળાએ પહોંચ્યા, ત્યારે તેમને ખાતરી આપવામાં આવી કે ચારેય વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરવામાં આવશે. જોકે, બે દિવસ પહેલા બનેલી ઘટના અંગે શાળા સંચાલકો કહી રહ્યા છે કે આવું કંઈ બન્યું જ નથી. અંબે વિદ્યાલયના આચાર્યએ જણાવ્યું હતું કે હાલમાં મને આવી કોઈ ઘટનાની જાણ નથી. તપાસ કર્યા પછી હું કહી શકું છું.

# ગુજરાતની શાળાઓમાં ધોરણ-૧ થી પાંચમાં શિક્ષકોની ભરતી કરવા ધરણા

ગાંધીનગર,તા.૦૯

ગુજરાત રાજયની શાળાઓમાં ધોરણ ૧થી ૫ માં ટેટ ૧ પાસ શિક્ષક ભરતીમાં જગ્યા વધારવાની માંગ સાથે વધુ એક વખત આજે ગાંધીનગરમાં ઉમેદવારોએ રેલી કાઢીને વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે ધરણાં પ્રદર્શન કર્યા હતા. ઉલ્લેખનીય છે કે છેલ્લા ચારેક મહિનાથી ઉમેદવારો જગ્યા વધારાની માંગ સાથે સરકારમાં રજૂઆત કરતા આવ્યા છે. જો કે આજદિન સુધી માંગણીઓ સંદર્ભે કોઈ નિરાકરણ નહીં આવતાં આજે ફરી એક વખત



ઉમેદવારોએ ગાંધીનગરમાં વિરોધ પ્રદર્શન કર્યા હતા. આ દરમ્યાન પોલીસે ઉમેદવારોને ડીટેઈન કરી લીધા હતા. ધોરણ ૧ થી ૫ ની હાલ ચાલુ વિદ્યાસહાયક ભરતીમાં જગ્યા વધારવાની માંગ સાથે ઉમેદવારો દ્વારા ગાંધીનગરમાં રેલી યોજી વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે ધરણાં પ્રદર્શન યોજવામાં આવ્યા હતા. ઉમેદવારોએ રેલી કાઢી ઉગ્ર વિરોધ પ્રદર્શન કરતા બે ઉમેદવારોની તબિયત પણ લથડી હતી. ઉમેદવારોએ માંગણી કરી છે કે, રાજ્યસરકાર દ્વારા હાલ વિદ્યાસહાયક ભરતી પ્રક્રિયામાં ધોરણ ૧ થી ૫ માં અંદાજે ૫૦૦૦ જેટલી ભરતી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

















